રાસતરંગિણી

દામોદર ખુ. બોટાદકર

બાર આના

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ
બુકસેલર્સ : પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઈ

દૂધગંગા

શ્રી. અવિનાશ વ્યાસના રેડિયો અને
રેકોર્ડ દ્વારા લોકપ્રિય બનેલા ૧૧૨
ગરબા અને ગીતોનો સંગ્રહ
: સ્વરવિતરણ સાથે :

☆

ત્રિપાઠી બુકસેલર્સ મુંબઇ

રાસતરંગિણી

કર્તા

સ્વ. દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર

: સંપાદક :

જમુભાઈ વ. દાણી

★

બાર આના

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ
બુકસેલર્સ : : પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ—૨.

સૂચના

સ્વ. કવિ બોટાદકરના કાવ્યસંગ્રહો :—(૧) કલ્લોલિની (૨) સ્રોતસ્વિની (૩) નિર્ઝરિણી (૪) રાસતરંગિણી અને (૫) શૈવલિનીમાંનાં સર્વ કાવ્યો માટેનો કોપીરાઇટ સંપાદકનો છે. એ કાવ્યોમાંથી કોઈ પણ કાવ્યનો ઉપયોગ કોઇ પણ પુસ્તક માટે યા બીજી રીતે કરતા પહેલાં સંપાદકની પરવાનગી મેળવવી.

પહેલી આવૃત્તિ : ઇ. સ. ૧૯૨૩, પ્રત ૧૦૦૦

બીજી આવૃત્તિ ; ઇ. સ. ૧૯૨૪, પ્રત ૨૫૦૦

ત્રીજી આવૃત્તિ : ઇ. સ. ૧૯૨૫, પ્રત ૨૫૦૦

ચોથી આવૃત્તિ : ઇ. સ. ૧૯૨૮, પ્રત ૨૫૦૦

પાંચમી આવૃત્તિ : ઇ. સ. ૧૯૩૧, પ્રત ૨૫૦૦

છઠ્ઠી આવૃત્તિ : ઇ. સ. ૧૯૩૫, પ્રત ૨૫૦૦

સાતમી આવૃત્તિ : ઇ. સ. ૧૯૪૦, પ્રત ૨૨૦૦

આઠમી આવૃત્તિ : ઇ. સ. ૧૯૪૫, પ્રત ૨૦૦૦

★

પ્રકાશક :
પરમસુખ પંડ્યા
એન. એમ. ત્રિપાઠી લિ.
બુકસેલર્સ : પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

મુદ્રક :
એમ. ઈ. કરીમ
ડિલકસ પ્રિંન્ટર્સ
૧૩૩ એ, વિક્ટોરિયા ગાર્ડન
રોડ, ભાયખલા: મુંબઈ, ૨૭.

અનુક્રમ

★

સ્વર્ગસ્થ અ. સૌ. શ્રીમતી

'વજીયા (વિજયા) બહેન' રણછોડજી દેશાઈ
તે
શ્રીયુત નાનાભાઇ રણછોડજી દેશાઈનાં માતુશ્રી

એમની

અસાધારણ ધર્મવૃત્તિ, અનુપમ કુટુમ્બવત્સલતા, સ્વ-પરના
ભેદ વિના દુઃખી અને રોગાર્ત મનુષ્યોની શુશ્રૂષા અને
તેમને તન—મન—ધનથી સહાય કરવાની તત્પરતા,
રામાયણ—મહાભારતના રહસ્યપૂર્ણ પ્રસંગો
સમજાવી બાલકોનાં હૃદય રંગવાની કુશળતા,
વધૂઓ પર માતા જેવી સ્નિગ્ધ દૃષ્ટિ અને
તેમનાં મન જીતવાની અજબ શક્તિ,
ઇત્યાદિ ઉચ્ચ ગુણોથી આકર્ષાઇ,
તેમના અવસાન સમયમાં
મુદ્રાંકિત થયેલું, આર્ય સ્ત્રી-
વર્ગને માટે ખાસ લખા-
યેલું આ પુસ્તક
અર્પણ કરી—તેમનું
પ્રાતઃ સ્મરણીય
નામ એ સાથે
જોડી કૃતાર્થ
થાઉં છું.

કર્તા

આમુખ

[ત્રીજી આવૃત્તિ માટે]

સ્વ. કવિ બોટાદકરના જીવનનો મોટો ભાગ અપ્રસિદ્ધ દશામાં ને ઘણે અંશે સાક્ષરોની અને સમાજની ઉપેક્ષા સેવવામાં જ ગયો હતો; એ જ કારણે અંતનાં પાંચ વર્ષોમાં તેમનાં કાવ્યોને મળેલા આદરથી કવિને ઠીક આત્મશ્રદ્ધા આવી હતી. 'રાસતરંગિણી'એ કવિની એ ખ્યાતિમાં ઑર ઉમેરો કર્યો, ને પોતે જ એ પુસ્તકની બીજી આવૃત્તિ એક વર્ષમાં પ્રસિદ્ધ કરી શકયા હતા. આટલા આદરથી પણ સ્વ. કવિ બોટાદકરે ભૂતકાળ વિસારે પાડી મરણપથારીએથી, ગુજરાતે કરેલ કદર માટે ઘણો સંતોષ જાહેર કર્યો હતો, તો તેમના અવસાનકાળ પછીથી થયેલ કદર અને ચારે તરફથી દર્શાવાયેલ સદ્ભાવથી કવિના આત્માને કેટલી શાંતિ મળી હશે, એ સહજ કલ્પી શકાય એવું છે.

સદ્ગતના અવસાન પછી તો જાણે કવિ પરના અને 'રાસતરંગિણી' માટેના ભાવની જબ્બર ભરતી આવી; ને એ સ્વાભાવિક જ હતું. પરિણામે બીજી આવૃત્તિની બે હજાર નકલ પણ પ્રસિદ્ધિ બાદ છ માસમાં જ ઉપડી ગઈ હતી. આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં કેટલાંક અનિવાર્ય કારણોને લીધે વિલંબ થયો છે, તે માટે કવિતાઉત્સુક વાચકો ક્ષમા આપશે, એવી આશા છે.

આવો સત્કાર આપવા બદલ ગુજરાતને અભિનંદન આપ્યા પછી એટલું તો કહેવું જોઈએ કે હજુ કન્યાશાળાઓમાં સુદ્ધાં 'રાસતરંગિણી' તેનું ઉચિત સ્થાન પામેલ નથી! કન્યાવર્ગ અને સ્ત્રીવર્ગને માટે તો આ રાસ અણમૂલી ભેટ હોવાથી દરેક વિદ્યાર્થિનીના કંઠમાં એ રમી રહે, 'નવલ ગરબાવળી'ની માફક દરેક કન્યાશાળામાં એ પુસ્તક દાખલ થાય, નવરાત્ર જેવા દિવસોમાં સેંકડોની સંખ્યામાં તેની લહાણી કરવામાં આવે, ત્યારે કવિના એ રાસ ઘેરઘેર પહોંચે, ને સદ્ગતની કુટુંબજીવનની ઉદાત્ત ભાવનાઓ પોષવાનો ઉદ્દેશ ફળીભૂત થાય.

મહિલા–વિદ્યાલય
ભાવનગર
તા. ૩–૬–૨૫

લે. સેવક

(સ્વ.)અમૃતલાલ વલ્લભદાસ દાણી

નિવેદન

[બીજી આવૃત્તિ]

આ પુસ્તકની પહેલી આવૃત્તિ માત્ર છ માસમાં જ ખપી ગઇ હતી, પરંતુ કેટલાક અસૌકર્ય અને અનવકાશને લીધે બીજી આવૃત્તિ બહાર પાડવામાં વિશેષ વિલમ્બ થઈ ગયો છે. રાસરસિક બહેનો અને બંધુઓએ ધીરજથી એ વિલમ્બ સહી લીધો છે તે માટે તેમનો ઉપકાર માનું છું.

" નિર્ઝરિણી " માંથી લીધેલું ' રાસ ' નામનું કાવ્ય પહેલી આવૃત્તિમાં રાસના ક્રમમાં બીજું મૂકવામાં આવ્યું હતું. ભાષાની દૃષ્ટિએ સઘળા રાસોથી એ કેવળ જુદું જ પડી જતું હોવાથી આ વખતે તેને નહિ લેવાની ઇચ્છા હતી. પરંતુ રાસ લેતી સુન્દરીઓની એ ક્રીડાનું તેમાં ઉચિત વર્ણન હોવાથી તેનો કેવળ બહિષ્કાર ન કરવાની અનેક મિત્રોની આગ્રહભરી સૂચનાને માન આપી રાસ સંગ્રહથી ભિન્ન–આગલા ભાગમાં–તે આપવામાં આવ્યું છે. તે સિવાયના બધા રાસો કાયમ રાખવા ઉપરાંત ' સાસરી ', ' પનઘટ ', ' સીમન્ત ' અને ' વાત્સલ્ય ' એ ચાર રાસ નવા ઉમેરી યોગ્ય ક્રમમાં મૂકવામાં આવ્યા છે.

રા. રા. અમૃતલાલ વલ્લભદાસ દાણી, બી. એ. (મહિલા વિદ્યાલય, સુરત,) અને રા. રા. ઝવેરચંદ કાળિદાસ મેઘાણી, બી. એ. ('સૌરાષ્ટ્ર' કાર્યાલય, રાણપુર) ની આ આવૃત્તિના પ્રાકટ્યમાં પ્રથમના જેટલી જ સહાય હોવાનો ઉલ્લેખ કરવાનું વિસરાય એમ નથી.

બોટાદ
તા. ૫–૭–૨૪

દામોદર ખુ. બોટાદકર

આઠમી આવૃત્તિ વેળાએ

બે શબ્દો

રાસઘેલું ગુજરાત અને ગુજરાતણ બહેનો કદરદાન છે. ગરબાથી સદાય યે ગાજતા ને ગૂંજતા ગુજરાતને ગૃહે ગૃહે આજે કવિ બોટાદકરના રાસના મીઠડા સૂરો ગૂંજે છે. એ ગીતોએ અનેક બહેનોનાં જીવનમાં મધુરો કિલ્લોલ પૂર્યો છે. સૌના એ ભાવથી વધુ મીઠો બનતો આ રાસસંગ્રહ, આજ આઠમી વાર પ્રગટ થાય છે. એના આનંદની શી વાત કરું ?

કવિશ્રીના આ રાસ અને રાસના સૂરોની સાથે સાથે, એ ગીતોની પાછળ વહેતો કૌટુમ્બિક મીઠાશનો પ્રવાહ ગુજરાતનાં ઘરોમાં ઊતરશે તો કવિનો આત્મા વધુ આનંદશે ને ઉલ્લાસશે.

પણ આજ સુધીના આ પ્રકાશનસાફલ્યનો યશઃકિરીટ તો સ્વ૦ જયકૃષ્ણભાઇ વર્માને જ ઘટે છે. આજે ચાલતા કવિઓનાં સર્જનના અપહરણકાળમાં માત્ર એમણે જ સ્વ૦ કવિના અધિકારોને, અનેકની તરાપમાંથી બચાવ્યા છે. નિઃસ્વાર્થ ભાવે નિશદિન સ્વ૦ કવિના જ કુટુંબહિતનો વિચાર કરનારા સ્વ૦ જયકૃષ્ણભાઇનો આભાર હું તે ક્યા શબ્દોમાં વ્યક્ત કરી શકવાનો હતો !

ન્યુ ઇરા સ્કૂલ,
મુંબઈ ૭.
૨૧–૫–૪૫

જમુભાઈ દાણી

સત્કાર

[પહેલી આવૃત્તિનો]

જગતમાં કેટલાએક ચહેરાઓ જ એવા હોય છે કે જે હજારો માણસોની મેદનીમાંથી જુદા પડી જાય, નજર પર ચડી જાય, અને અંતરમાં ઉતરીને કાયમનું ઘર કરી રહે–કેમ જાણે એને આપણી સાથે જૂની પિછાન હોય! બોટાદકરના રાસમાં અનેકનાં વદન ઉપર આપણને એવી જ કોઇ ચિરપરિચિત રેખાઓ આંકેલી લાગે છે. કશા યત્નની જરૂર નહિ, કશી સમજ કે સ્પષ્ટતાની અગત્ય નહિ, આપોઆપ એની મધુર પંક્તિઓ જીભના ટેરવા ઉપર રમવા માંડે છે. ને એક વખત વાંચતાં જ યાદદાસ્ત ઉપર છપાઇ જાય છે. મારા મનમાં તો આજ એવી અનેક પંક્તિઓ રણઝણે છે. એમાંની કયીનું અહીં ટાંચણ કરું, અને કયીને છોડી દઉં?

આ પુસ્તકની પ્રસ્તાવના લખવાને માટે હું બે કારણથી લલચાયો છું. એક તો ગામડાના સાદા ભાવોનો હું ભોગી છું. બોટાદકરના રાસની અંદર આજે ગામડિયાનું હૃદય જ ગાઇ રહ્યું છે. બીજું, હું આ કવિની અત્યાર લગીની કવિતાનો બહુ અનુરાગી નથી બની શકયો. મને એની કવિતાની મધુર કલ્પના ગમતી, ભરચક વિભૂતિઓ ભાળીને હું આનંદ લેતો; પણ એમની મુશ્કેલ શબ્દરચના, એમનું કઠોર સંગીત, એમનો સ્વાભાવિક વાકયાડમ્બર–એ બધાને ભેદીને મારાથી અંદર ઉતરાતું ન્હોતું. 'કલ્લોલિની,' 'નિર્ઝરિણી,' અને 'સ્રોતસ્વિની' નાં સુનીલ, સુમનોહર નીરમાં નહાવાનું મન થાય, પણ ભીતર પડેલા પથ્થરોનો ભારે ભય લાગે.

આ કારણે આ પુસ્તકની તારીફ કરવામાં એમના પ્રત્યે પક્ષપાતનો અપરાધ થઈ જવાની મને ધાસ્તી નથી.

આજ તો કવિની એ કાવ્યસરણિએ પોતાનું વ્હેણ બદલ્યું છે. મને તો તાજ્જુબી જ થયા કરે છે કે આ તે શો પલટો!

હું તુલના કરવા નથી બેઠો. કયો શબ્દપ્રયોગ શાસ્ત્રીય નથી કે કયી પંક્તિમાં અલંકારનો દોષ છે; અગર કયી કલ્પના કવિ કાલિદાસ કે શેલીનું સ્મરણ કરાવે છે; એ બધી ઝીણવટ મારી દૃષ્ટિમાં નથી. હું વિવેચક નથી, પૂજક છું. કેવળ સત્કાર જ કરી રહ્યો છું.

ન્હાનાલાલથી માંડીને છેક રાયચુરા સુધી રાસનો એક યુગ પ્રવર્ત્યો ગણાય. ગુજરાતણના તલપતા કંઠમાં સ્વર મૂકનાર આપણા ન્હાનાભાઈ, એ સમયે તો જમાનો બદલાતો હતો. મહિનાના પંદર દિવસ સુધી આકાશના ચંદ્ર, તારાઓ આતુર હૈયે જાણે રાસડા સાંભળવા વાટ જોઈને બેસી રહેતા. પણ અમારી ગુજરાતણ બહેનોને ગળેથી ગાન ઉતરી ગયાં હતાં, રાત્રિએ ગુજરાતનાં જ્યોત્સ્નામય આંગણાં ગાજતાં બંધ પડેલાં. ધરતીને ધણધણાવનારા ધીંગી ગુજરાતણોના કદમ ધીરે ધીરે સપાટ, સ્ટોકીંગ કે સ્લીપરમાં સંતાઈ જવા લાગ્યા. મુંબઈ અમદાવાદના પાણીએ, વિલાસે અને અભ્યાસે અમારી તરુણીઓના દેહ દુર્બળ બનાવી દીધા, સુરખી લૂંટી લીધી અને કૈંકને હૈયે તો જગતની જવાળા અડકી ગઇ. એ રીતે અસલી રાસડાનો ધીંગો યુગ ત્યારે આથમી ગયો હતો.

તે ખુવારીને અને આત્મવિસ્મરણને ટાણે આપણો કવિ દેખાયો. ગાઇ તો ન જાણે પણ ગવરાવી શકયો, જૂની રાગણીને નવા સ્વાંગ પહેરાવ્યા. રસિકો અને રસિકાઓને ફરી નાચતાં કર્યાં.

પણ આખરે એ તો આકાશવિહારી! 'ધૂમકેતુ' સમો મનસ્વી. એનાથી ધરતી ઉપર ઉતરાયું નહિ. એનાથી જગતવાસીઓનાં હૈયાં ઉકેલાયાં નહિ. એણે તો કેવળ કોયલનાં, ચંદ્ર

સૂરજનાં, ચાંદરડાંનાં, અને ઉષાસંધ્યાનાં જ ગીતો ગાયાં. જગત પર જે થોડાં પાંખાળાં હતાં તે જ એના રાસ-ગગનમાં પહોંચી શક્યાં, બીજાં હજારો રાસતરસ્યાં રખડતાં રહ્યાં. કવિને પગલે પગલે ચાલીને જેણે જેણે રાસ ગવરાવવાની અજમાયશ કરી, તે તમામની અંદર મને એ જ મુંઝવણ માલમ પડી. રાસનાં ચોગાન ધીરે ધીરે સાંકડાં જ બનતા ગયાં. આખર તો જેમ આપણાં ગામડાં મટીને શહેર બનવા લાગે ત્યારે આંગણાં છોડીને અગાશીએ જઈ ચડે, તેમ રાસડાઓ પણ રાસડા મટીને રાસ બન્યા, આંગણાં છોડીને અગાશીએ ચડ્યા, તાળીઓના તાળ ત્યજીને તબલાની પાસે જઇ બેઠા અને શરણાઇનો સંગ છોડી ઇસરાજ અગર હારમોનિયમની સાથે હળ્યા.

ધરતીના રાસ ફરી પાછા ક્યારે ગવાશે ? એવી અગોચર ઝંખના આપણા દિલમાં રહ્યા કરતી. આજે જાણે આકાશ અને ધરતી બન્નેનાં ગીતનું મિલન આપણા બોટાદકરના રાસમાં દેખાવા લાગ્યું છે. એથી સ્હેજે આશા બંધાઇ જાય છે કે કદાચિત્ રાસનો નવયુગ આ કવિને હાથે જ મંડાવાનો હોય ને ! એણે તો 'જનની'નાં, 'ભાભી'નાં, 'નણંદ'નાં, અને 'દેવર'નાં સ્મરણો ગાયાં છે. 'મહિયર'ની મીઠાશ સંભારવાની સાથે સાથે "સાસુ"ની સુવાસને એ ભૂલ્યા નથી. એણે "મોસાળ"ની મોંઘાઇઓ પણ મેલી નથી. ગુજરાતની તરુણીઓના રસનો ઇજારો કેવળ "વાલ્યમ" નાજ હાથમાં નથી હોતો. છતાંયે અત્યાર લગી ઘણે ભાગે તો રાસ રમનારી એક "વ્હાલા"ની પાછળ જ ઘેલી બનતી.

ગુજરાતણોના જીવનરસમાં દેવરણનણંદનો કે ભાઇભોજાઇનો કેટકેટલો હિસ્સો છે ! સંસારમાં સ્ત્રીહૃદયની અંદર સ્નેહ પૂરનારાં પરિવાર–જનો જાણે લગભગ વિસારે પડેલાં હતાં. કવિતાના ભુવનમાંથી એ બધાનું આસન ઉપડી ગયું હતું. આ જ સત્ય જગતની

માફક, કાવ્ય–જગતમાં પણ કેમ જાણે અવિભકત કુટુંબની પ્રથા ભાંગી પડી હોય ! બોટાદકરની નેમ તો "અમરગંગાને આભથી ઉતારવાની જ હશે ! અમરગંગામાં એકલા નહાવાને માટે "આભમાં" ઊડી જવાની નહિ ! એટલે જ એમની "તરંગિણી'ને આરે આજ આખો કુટુંબ-સમુદાય ભેળો મળ્યો છે,

જૂના રામ–યુગની રેણુ હજુ આ કવિ છેક ખંખેરી નાખી નથી શકયા. એની ' સખીઓ ' મળીને ગાય છે, તેમાં પણ કેવળ અભિલાષા છે. આકાશમાં બાચકા ભરવાના એ અભિલાષો છે. 'શું કરશું અને શું નહિ કરીએ ?' એ સમસ્યામાં પડી જનારી સહિયરો કશુંયે સ્પષ્ટ કરી શકતી નથી. પાગલ બનીને જાણે પ્રકટ કરવા તલખે છે. આખરે તો 'ચંદા'ની, 'રજની'ની, 'કુંજનિકુંજો'ની કે નવી કોઇ 'કયારીઓ'ની કલ્પના કરીને જ વિરમે છે. એવી જ દશા, પોતાની "જનની"ના ગુણગાન કરનારી કોઇ નાની દીકરીની થવા લાગી છે. માતાની 'મીઠાશ' સમજાવવા માટે એને "મધુ" અને "મેહુલા"ની સરખામણી કરવી પડે છે, છતાં એ સરખામણીમાં જે સ્વાભાવિકતા છે, તેની જોડ જડવી કઠણ પડે છે. "દેવોને દુધ એના દોહ્યલાં" કહીને તો કવિએ કૈંક માતૃહીનોનાં હૈયાં ઉચકાવ્યાં હશે ! તો યે–તો યે ' જનની 'ના રાસમાં દીકરીને કેવળ એવી ચાર કલ્પનાથી જ પતાવવું પડે છે

' જનની 'ને જોયા પછી, આવો, ' માતૃગુંજન 'ને કાન માંડીએ. અહીં કવિની તુલનાશક્તિ યે તૂટી પડે છે, કલ્પના યે શરમાઇ જાય છે. અહીં તો જાણે શબ્દભર્યો કોઈ રાસ નથી, એ તો ચિત્રોની પરમ્પરા છે. પંકિતએ પંકિતએ કેવળ ચિત્રો ખડાં થાય છે. રધવાયી બનેલી માતા આમ તેમ દોડતી, ચીસો પાડતી નજરે દેખાય છે. ઘુમટામાં છુપાયેલું, આંસુથી ભીંજાયેલું, આણું વળીને જતી એ લાડકવાયી દીકરીનું મોં, આવા રંગ પૂરીને તો

જાણે હજુ કોઈએ આલેખ્યું નથી ! કવિ પોતે જાણે બાજુ પર ખસી જાય છે, માતાને જ ગાવા અને રોવા દે છે, કે

"દૂધ ભર્યું હજી દાંતમાં રે એને આપવાં આણાં."

એ રાસ ઉપર વધુ વિવેચન શાં ?

'સંદેશ' અને 'આણાં'ની અંદર કવિએ દૂધાળા દાંતવાળી દીકરીનું હૈયું ઉઘાડયું છે. એક જ શહેરમાં પિયર અને સાસરું જેને હશે તે બહેનને આ બે રાસની મીઠાશ નહિ જડે. રેલગાડીમાં બેસીને મહિને મહિને માવતર દોડી આવનારી શહેરી તરુણી આ પંક્તિઓમાં પોતાના અંતરનું આક્રંદ નહિ જોઈ શકે. આ ગીત તો મારી ગામડીઅણ બહેનોનાં હૈયામાંથી જ ગરજી ઉઠે, જેણે માવતરના લાંબા વિયોગ ભોગવ્યા હોય, અને જેને સાસરિયાંને ઘેર બે આંસુ પાડવા જેટલી યે એકાન્ત ન જડે. માની ગોદમાંથી તાજી ચાલી આવેલી કન્યા તો 'સંદેશ' જ મોકલાવે–પણ જેમ જેમ જમણ જાય, અને વરસ જેવડો પહેલો માસ વીતવા આવે, તેમ તેમ દીકરી સંદેશા દેતી બંધ પડે, પિયરમાં જનેતા ઝુરતી હશે એ કલ્પના ખટે, અને કઠોર કલ્પના આવે કે,

" ......મુજને ભૂલી માત જો "
" બાપુને અંતરથી છૂટી બેટડી."

ત્યાં તો 'વગડા વીંધીને વેલ્ય' આવી, ઘુઘરીએ ઘમઘમતા 'ઘોડલા' આવ્યા, 'માવડીએ આણાં મોકલ્યાં,' 'દીકરીના અંતરની આશા ફળી'.

પિયરિયાંને મળવા તલખી રહેલી પરિણિતા પિયર પહોંચે, સખીઓનાં અંતર એક બીજા પાસે એકાંતમાં ઉઘડે અને લગ્નની એ 'રૂપાળી રાત' સાંભરે. એ રૂપાળી રાત, જે રાતે 'આંખડી ઉજાગરે ઘેરાતી,' 'સખીઓનાં ગીત ગાજતાં,' અને સૂરજશશીની સાક્ષીએ 'જૂજવા પ્રાણ' જોડાયા હતા, 'હાથમાં હાથ હીંચ્યો હતો,

કેવળ હાથે જ નહિ પણ 'કાળજેય કોલ લીધા—દીધા' હતા, 'આંખથી આંખ મેળવી હતી.' કવિ મુંઝાય છે! રે, કિશોરી મુંઝાય છે. એને માત્ર એક જ વાત કહેવી હતી કે એ રૂપાળી રાત્રિએ અમે "અભેદ લીધા." આપણે પણ કવિની સાથે રહીને દુવા દઈએ કે,

"રહેજો અખંડ તારે આંગણે રૂપાળી રાત."

લગ્નની રાત્રિના આવા અણગવાયલા રાસ આજે **બોટાદકરે** ગાયા, ગવરાવ્યા. **ન્હાનાલાલ** તો એની નિગૂઢ ભાષામાં એ અમર રાત્રિનાં સ્મરણો ગવરાવવા બેઠા, પણ એમના હતાશ હૈયામાં એ ગીત અરધે આવીને ભાંગી પડ્યું! "એવા એ દિવસોનાં શમણાં વહી ગયાં" **બોટાદકરની** નવ-વધૂના તનમનાટ એમ વ્હેલા વ્હેલા તે શાના શમે? એને તો વાલ્યમનાં વેણ સાંભરવા લાગે. એનાથી કશુંયે દિલમાં દાબ્યું દબાય નહિ. પોતાની સહિયરની પાસે વ્હાલાનું વેણે વેણ એ કહી બતાવે.

હિન્દુ સમાજમાં દેવર ભોજાઈ વચ્ચેની પ્રીત કાંઈ છાની નથી. એ સંબંધમાંથી તો ગીતની ધારા છૂટે. કોઈ આધુનિક કવિ એ બીનાને અડક્યો જણાયો નથી. ભોજાઇના મનોભાવમાં ઊંડા ઉતરેલા કોઈ **બોટાદકરને** જ આવી પંક્તિઓ સ્ફુરે કે,

"એને ન્હાની શી લાડડી લાવશું,
"એના કુમળા પૂરશું કોડ રે,
"દેરીડો સખિ! મનમીઠડો!

ભોજાઇને હૈયે આથી ઊંચા તે બીજા કયા કોડ ઉછળે!

દેરને કૈં કૈં લાડ લડાવતી, હાંસી કરતી, મસ્તીખોર ભાભી "નણદી"ને સંભારતાં જ કેવી દીન બની જાય છે! ભાવ પલટી નાખે છે! '**રાસતરંગિણી**'નાં વાંચનારાં નણદીના કોમળ સ્વભાવને ઓળખે છે? ઘડી ઘડીમાં ઓછું આવી જાય, વેણવેણમાં

વસમું લાગી જાય, એવી સાસરે બેઠેલી "પરદેશણ" નણદીને ભોજાઈ બળેવના અવસર ઉપર રાખડી લઈને બોલાવે છે. એ આશાભર્યા અંતરવાળી રમણીને પોતાનું આંગણું નણંદ વિનાનું સુનું લાગે છે. એ સાદ કરે છે કે,

"આવો આવોને મહિયરમીઠડાં,
"તમે આવો રે મારી સાસુના શ્વાસ,
"નણદી આવોને મારે આંગણે."

લોકોની આશીષ એને લુખ્ખી લુખ્ખી લાગે છે. એને તો નણંદની 'રસે ભીની રૂડી રાખડી' ની રાહ છે. ભાભી કેટલી ડાહી ! એ કેમ ભૂલે ? એ કહાવે છે કે,

"મારાં બાળાં ભોળાં શાં ભાણેજડાં,"
"ધરી અંકે રે એને લાવજો સંગ."

જેના જર્જરિત જરાગ્રસ્ત મોં ઉપર રસના એક પણ ભાવની રેખા નથી માલુમ પડતી, જેના દમલેલ કંઠમાં ખોખરો સૂર ખખડે છે, એવા કઠોર દેખાતા બોટાદકર આ બધું કયા હૃદયમાંથી કાઢી કાઢીને ગવરાવી રહ્યા છે ! '**રાસતરંગણી**' નો લેખક આ ન હોય એવો ઘડીભર સંશય ઊઠે ! પણ સરજનકારે તો સૃષ્ટિ ઉપર કેવળ વિસ્મયો, કેવળ કોયડાઓ અને કેવળ નિગૂઢાર્થો જ વરસાવ્યા છે. બોટાદકર પણ એક અણઉકેલ્યો કોયડો છે; એક ભેદ છે !

'ભાઈબીજ' ના રાસ ઉપર આવતાં તો હું થંભી જાઉં છું. 'માતૃગુંજન' ઉપર મેં બે ચાર શબ્દો જેટલી શાહી બગાડી, પણ 'ભાઈબીજ' ને તો હું એના આકાશમાં જ રહેવા દઈશ. જોયા જ કરીશ. મારા હૃદય ઉપર એનું પ્રતિબિમ્બ લઈ લઈશ. વિવેચનાના મોહમાં નહિ પડું. એ રાસ તો સાક્ષરોને અને કવિઓને પાગલ બનાવશે.

અને "અમર રે [illegible] એ મધઝરતું મોસાળ !" સાસરિયાના

પીંજરામાં પડેલી યુવતીને 'મામીની મનહર મહેમાની' સાંભરે, 'સુખની સીમડી' દાદીમા સાંભરે, હસીને પંપાળતાં એ દાદીમાના 'હળવા' હાથ પણ સાંભરે. " મહિયરથી યે મોંઘાં, માતાનાં મહિયર " કોને ન સાંભરે ?

સાસુની કટુતાઓને પણ વિસરાવી દેવાની શી આ કવિની કળા ! એણે તો એ કાંટાભર્યા સંસાર-વનમાં સાસુને કેડી બતાવનારી કહી. " એની મોટપ કેમ મપાય ? " કોઇ બહુ જ સુખીઆ ઘરસંસારને ઉમરે કવિ બેસી આવ્યા હશે ! નહિ તો એવું તે કયાંથી ગવાય કે,

" સખી સાસુ તણાં સુખ શાં કહું રે ! "

રાસ સાંભળનારી એક વાર તો જરૂર સાસુ પ્રત્યે પ્રેમથી ઊભરાતું અંતર લઇને જ પાછી વળે ! કવિએ આર્ય સંસારનું અતિ સુખમય ચિત્ર આલેખ્યું. દીકરીઓને અંતરે આવા રસ સીંચાય, એટલે સંસારની અર્ધી કડવાશ તો ત્યાં ને ત્યાં આપોઆપ ઓછી થાય.

એક પછી એક રાસની અંદર નારી—જીવનની ક્રમાનુસાર ભૂમિકાઓ બતાવી છે. માવતરને આંગણે કોઇ કિશોરી, 'સખીઓને' સાથે રાખી, નિશ્ચિંત મને રાસડા લ્યે, આંબાને છાયડે રખડતી રખડતી ઊંચે બેઠેલ કોયલ તે એ કન્યા 'એક જ કુહુ' કરવાનું કહે ! એને ભય છે કે જાણે " કાલ વસંત વહી જશે રે !" જીવનની વસંત કેમ જાણે બેસી ગઇ હોય ને અંતરની આમ્રઘટામાં યૌવનની મંજરીઓ મહેકતી હોય !

એ અવસ્થાને દ્વારેથી ચાલી નીકળેલી કિશોરીને આપણે બરાબર નિરખ્યા કરીએ ! એનાં પરણેતર, આણાં, રૂપાળી રાત, દેવર, નણંદ, સાસુ-જીવતરનાં એ સહુ વીતકોની કડવી મીઠી લ્હાણ લેનાર,

યૌવના 'ભાઇબીજ'ની એક જ રાત ભાઇની સાથે વાતમાં વીતાવી ચૂકી. અંતરમાં અનેક ઓરતા હતા, પણ એકેય ન કહી શકી. ભાઇને વળાવીને '**સારિકા પાછી પીંજરે પેઠી.**' એ છેલ્લા ઉદ્‌ગારોમાં આપણે એને બે ત્રણ વરસની વિવાહિતા રૂપે ઓળખીએ છીએ, એના "ભીતરના ભડકા" આપણે ભાળી શકીએ છીએ. આપણાથી નિ;શ્વાસ મેલાઈ જાય છે. ગૃહસંસારનાં ગુપ્ત કલ્પાંતો આપણને હતાશ કરી મેલે છે. તેટલામાં તો એ કટુ જીવનની અંદર મીઠાશ ગાતી ગાતી 'સરિત્સુંદરી'ને 'ડુંગરદાદા'ના ખોળામાંથી ચાલી આવતી આપણે જોઇ લઇએ. એ સરિતાની આત્મકથામાં આપણે આર્ય સુંદરીનાં મંથન, એણે માંડેલી વસમી મુસાફરી, માર્ગે મળેલા લૂંટારા, ઉરમાં ઊગેલા સંદેહો, ને આખરે એ કસાયેલી, તવાયેલી આર્ય રમણીની ટેક તપાસીએ. 'સરિત્સુંદરી'નું રૂપક તો અખંડ છે, અતિ સ્વાભાવિક, છતાં સાદું છે. એવી શબ્દ-રચના સહેલ નથી.

પોયણીનાં અને વાદળીનાં રૂપક પણ બહુ બંધબેસતાં બનાવ્યાં. પ્રકૃતિની એ પુત્રીઓ પણ કેમ જાણે પ્રાણવંતી માનવ-પુત્રીઓ જ હોય !

પોતાની '**તરંગિણી**'ને આજ તો આટલે સુધી લાવીને જ, કવિ વિરમી જાય છે. એની સુંદરી પોતાના સ્વામી સાગરની સમીપે થંભી જાય છે. ત્યાર પછી શાં શાં ગીતો અંતરમાં નહિ ઊઠયાં હોય? 'ભાઇબીજ'માં જેનો ઉલ્લેખ થયો છે એ બધા અંતરના "ઓરત" આજ તો અવ્યક્ત જ રહ્યા! જાણે હજુ એ રમણીને વ્યક્ત કરવાનો વખત જ ન મળ્યો? **બોટાદકર**ની પાસે આવીને એક વાર હજુ એ '**તરંગિણી**' એ બધાં વીતકો કહી જવાની, ને પછી **બોટાદકર** આપણને પણ કહી બતાવવાના. હજુ તો એ રમણીના પેટમાં આશા નથી રહી. એનાં સીમંત ઉજવાશે, એના પુત્ર-જન્મની વધાઇઓ ગવાશે, હજુ તો એ બાળકનાં હાલરડાં

હીંચોળાશે. 'રવિબાબુ'એ 'શિશુ' લખીને જેમ પુત્ર-ઘેલડી માતાઓને ગાવા હાલરડાં દીધાં, અને માઘેલડા દીકરાને ગાવા કાલાં કાલાં કાવ્યો દીધાં, તેમ **બોટાદકરે** પણ દેવાનાં રહ્યાં છે. ગુજરાતની એ સદા આશા રહેવાની."

ભાષા સદાય ભાવોની અંદરથી આપોઆપ ઊઠે છે. આ '**તર**ંગિણી'ની વાણીનાં કેટલાં કેટલાં વખાણ કરવાં? એ વાણી સાક્ષરોની નહિ-ગામડીઅણ માતાઓની અને બહેનોની છે. ગુજરાતી ભાષા ગરીબ છે, દમ વિનાની છે, એનો શબ્દકોષ કંગાલ છે; એ સર્વ તો સાક્ષરોની ફરિયાદો. '**તર**ંગિણી'ની ભાષા ગુજરાતી છે કે નહિ એ તો સાક્ષરો જાણે. ગમે તે હો. પણ એ ભાષા ગરીબ નથી એવું આ '**તર**ંગિણી' સિદ્ધ કરે છે. વાણીનું ઐશ્વર્ય અગાધ લાગે છે. આપણી નવી આડમ્બરી શૈલીમાં શોધ્યા કદી ન જડે એવા શબ્દોમાં, અતિ સૂક્ષ્મ ભાવો અહીં વ્યક્ત થયેલા છે. વેણે વેણે મૂર્તિઓ ખડી થાય છે.

"પ્રાસાનુપ્રાસ પૂરો જળવાયો નથી, 'વાતલડી' 'ભાભલડી' વગેર રચના વાપરવામાં બહુ છુટ લેવાઈ છે." એવો કલ્પાંત વિદ્વાનો કરવાના. પણ આપણને તો '**તર**ંગિણી' એના પ્રચંડ વહેણમાં એટલી જુકિતથી ઉઠાવી જાય છે કે એવી ત્રુટીઓ આપણને દેખાતી જ નથી. રસની એ કાંઈ જેવી તેવી જમાવટ ન ગણાય!

અયિ **તર**ંગિણી! તેં તો આજ ખરે ઉનાળે કૈં કૈં રસ-તરસ્યા પ્રવાસીઓનાં પેટ ઠાર્યાં! ગૃહ-સંસારનાં જળાશયોમાંથી એકે-એક ટીપું સુકાયું: બરાબર તે વેળાએ જ તું દેખાઇ. તારે તીરે બેસી બેસીને કેટકેટલા આજ તને આશીષ દેશે! જે નિરક્ષર કાઠિયાવાણો કે ગુજરાતણોના ટેરવા પર મુકવા એક ટીપું પણ નહોતું, તેની જીભને તો શું પણ અંતરના પડે પડને પલાળવા તું આજે આવી પહોંચી. અમારાં વેરાનમાં તને આદર દઇએ છીએ; કશા શિષ્ટાચાર

વિના, કવિતાના આ રાજ-દરબારની અંદર બોટાદકરની એ ગામડિયણ ગાયિકાને આજે ચરણ ચુમીને સત્કારીએ છીએ.

ગામેગામની કન્યાશાળાઓમાં આ 'તરંગિણી' ક્યારે પહોંચી વળે, ને કન્યાઓના કંઠમાં રાસડાનાં તાન ક્યારે જગાવે! કન્યાકેળવણીનાં નિરાળાં પુસ્તકો બનાવ્યાં બનવાં મુશ્કેલ છે. એ તો આપોઆપ જ કોઈ કોઈ બોટાદકરના કંઠમાંથી ઝરી પડવાનાં.

આજ આર્યાવર્તનો યુગ પલટે છે; અને યુગ પલટે ત્યારે શું શું ન પલટે? ભાષાનો પલટો તો પહેલાં જ હોય. આયરલાંડનાં પહેલાં બંધન ફેડનાર એની પુરાણી ભાષા. આજ આપણી ગુર્જર કવિતા મુઠ્ઠીભર માનીતાઓના હાથમાંથી વછૂટીને સહુ ગુર્જર સંતાનોને સાદ કરવા ચાલી છે. એક સાદ બોટાદકરની આ 'રાસતરંગિણી'; બીજો સાદ તો હવે પડે ત્યારે!

સન ૧૯૨૩ **ઝવેરચંદ મેઘાણી**

'સત્કાર'ની પૂરવણી

[બીજી આવૃત્તિ માટે]

* * *

"રાસતરંગિણી"ને તો ગુજરાતે અત્યંત મમતાભેર આદરમાન આપ્યાં. એ હુલ્લાસમાંથી ચાર નવા રાસોનો ઉમળકો આપણા કવિશ્રીને આવી ગયો. એ નવી કૃતિઓને સત્કારવાનો અધિકાર હવે તો કોઇ અન્ય પ્રેમીનો હોય. પણ કવિએ એટલું પુણ્ય મારા હાથને આપવા મમતા કરી. "રાસતરંગિણી"ની આવડી લોકપ્રિયતાની સામે મને સહજ ક્ષોભ ઉપજવા છતાં હું એ પૂણ્ય હાંસલ કરવા બેસી જાઉં છું.

'સાસરી'ના નવા રાસમાંના પ્રત્યેક ભાવો નવા તો નથી જ. "સાસુ," "વાલ્યમનાં વેણ," "સમોવડ," ઇત્યાદિના જ પડઘા છે. છતાં એ તમામ રાસોનું રહસ્ય ખેંચીને ઉપજાવેલો આ અખંડ રાસ એવા તો સ્વાભાવિક પ્રસંગનો આધાર ધરે છે કે આખી રાસમાલામાં ખૂટતું એક આખું મોતી બરાબર પરોવાઇ ગયું લાગે.

પહેલું આણું વળીને પાછી પિયર ગયેલી દીકરીને નવા અનુભવો પૂછનાર સાહેલીઓ પણ નોખનોખી વયની જ મળે ખરી ને! કોઇ પરણેલી સહિયર પૂછે તો તેને 'રૂપાળી રાત'નાં રહસ્યો કહેવાં પડે, પણ માબાપની સોડ જેણે છોડી ન હોય છતાં જેને જુદા પડવાનો દિવસ આઘો આઘો ચાલ્યો આવતો દેખાય છે, જેનું દિલ થરથરી રહ્યું છે, એવી કુંવારી બહેનપણી તો કાંઇક આવો જ અનુભવ જાણવા આવે ને! નવા લોક અને ધરતી અજાણી: નહીં ત્યાં દાદા કે નહીં માડી; ન સહીયર, ન ભાઇ ભોજાઇ કે નહીં નાની–મોટી મા–જણી બહેન.' અરે રે! એવા સાસરીઆમાં શી રીતે ગમ્યું? એટલું બધું શાથી ગોઠી ગયું કે મીઠાં મહિયર પણ વિસરાયાં? એનો જવાબ રાસડો આપે છે. આવું સુખી ચિત્ર આપણા સંસારમાંની સાચી હાલતથી ઉલટું જ છે. હીનભાગી હિન્દુ નારીને એ વધુ નિસાસા એ નખાવશે. પણ

કુમારિકાઓના હૃદયમાં આવા રસ આજથી પુરાય તો પોતાના ભાવિની વિકરાલતા એને ઘણી ઓછી થઇ જાય. આ રાસની સાચી અસર તો હિન્દુ સંસારની સાસુઓ, જેઠાણીઓ, નણંદો ને પુરુષો ઉપર થશે. પારકીજણી ઘરમાં આવે ત્યારે એને યે એક નાનું પારેવાના માળા જેવું હૃદય હોય છે, ને એ હૃદયમાં લાગણી હોય છે, એટલું કરુણ ભાન આ રાસ સાસરિયાંને કરાવે તેવો છે.

એક વાર આણે આવીને પાછી સાસરીનાં સુખદુઃખમાં સંતાઇ જનારી દીકરી બહુ મુંઝાય ત્યારે શું કરે? બેડું લઇને પનઘટ પર પહોંચે. આડોશી પાડોશીને આંગણે ચડવાની તો એને મનાઇ થઇ હોય. ગામમાંથી કોઇ બહેનપણી બેસવા આવે તો ચાડીખોર નણંદની ચોકી ઘડી યે આઘી ન ખસે. પણ કાંઇ પાણી ભરવા જવાની કોઇ ના પાડે? આઠે પહોર ઘુમટામાં ગુંગળાતી એ બંદિનીનું ઓઢણું નદીકાંઠે તો ઊડીને અંબોડા પર જઈ પડે, એટલું ઉઘાડું માથું કયાં કયાં રખાય? એક પિયરમાં ને બીજું પાણીશેરડે. પાછું જાણે વળવું જ નથી એવી શાંતિથી બાપડી ચોમેર કુદરતનો કલ્લોલ નિરખી રહે; અને આઘે આઘે મીટ માંડતાં એને શું દેખાય?

"એ વાદળથી ઢંકાય, મહિયર મારાં રે,
જયાં અંતરને ઉકળાટ વસતાં વ્હાલાં રે,"

પનઘટ પર મળનારી મુક્તિ બીજે કયાંય નથી. વાંચનાર! આર્યનારીના આપઘાત તેં કદી જોયા છે? અફીણ ઘોળી પીવાના આઠ આના એ કયાંથી કાઢે? અફીણ લાવી યે કોણ આપે અને ગળેટુંપો ખાવા જેટલી એકાંત કયાં? આજસુધી કેટલી દુઃખીઆરીઓએ નદી અને કૂવાના ખોળા ગોત્યા હશે! આજ ઘરની ફળીમાં નળની ચકલી ઉઘાડીને બાલદી ભરી લેનાર નગર–નારી! પનઘટના ખોળાનાં મીઠાં મોત તારા ભાગ્યમાં નથી. પનઘટનું સ્થાન તો આપણા સંસારના ઇતિહાસમાં અપૂર્વ છે, અતિ મર્મવેધક છે. નદીનાં

નીર અહોરાત હિન્દુ–નારીના વીતકોની જ કથનીઓ ગાતાં ગાતાં વહ્યે જાય છે. વાવ કૂવાના ઉપર પણ એ જ અક્ષરો લખાયા છે.

પરંતુ કવિએ "પનઘટ"નો એ કરુણ રસ આંહી પૂરેપૂરો નથી ગાયો. માત્ર

"અનતોળ્યા ભવના ભાર મનથી મટશે રે,
અણબુઝયા તનના તાપ ઘેરા ઘટશે રે,
જ્યાં ઉરનાં આપોઆપ ફૂલડાં ફૂલે રે,
એ બે ઘડીની મહિયરમાળ્ય પનઘટ પૂરે રે,"

એવો સાર જ આપી દીધો છે. બાકી પનઘટ પરનો લુખો આનંદ જ ગાયો છે. જેટલી ખુબીથી કવિને 'પનઘટ' સૂઝી ગયો, તેટલી ખુબી એ રાસના કલાવિધાનમાં નથી.

'સીમન્ત'નો રાસ રચાય તે હોંશ તો મારી પોતાની જ હતી. 'કુંવરબાઇનું મામેરું' બહુ કરુણ છે. કારણ કે એમાં સત્ય જગતનું realistic ચિત્ર ખડું થાય છે; પરંતુ આ રાસ તો 'રાસતરંગિણી'-ના સાંગોપાંગ સૌમ્ય રસને જ જાળવી રહ્યો છે; છતાં 'રાસતરંગિણી'ના ઉલ્લાસનાં અંતરમાં તો કરુણતા જ દ્રવે છે. 'સીમન્ત'નું સુખમય ગીત ઊંડે ઊંડેથી ઉદાસીન સ્વરો કાઢી રહ્યું છે. સીમન્તના પ્રસંગમાંજ એ છલોછલ આનંદની વચ્ચે પણ રડી રહી છે. એ મંગળમાં અમંગળના ઉચાટ છે,

"ધીરે-ધીરે ધારો રે ચરણ સુલોચના રે લોલ:
મોંઘા ઉર–માણક ના મચકાય!"

આ પંકિતમાં એ જ ઉચાટનો આઘે આઘેથી આવતો ધ્વનિ સંભળાય છે.

સીમન્તિનીનું કેવું સાચું ચિત્ર માત્ર ચાર જ પંકિતમાં કવિ આલેખે છે!

"મનડે મધુરાં રે સોહે સુખસોણલાં રે લોલ,
ઝીણી ઝીણી આળસ ઉપજે અંગઃ
ઘેનમાં ઘેરાતી રે આંખડી ઉઘાડજો રેલોલ,
જોજો સખિ! આજ તણા ઉછરંગ."

અને અકારી વહુ પણ જે ઘડીએ ‘વંશવધારણ વેલ’ બને, તે ઘડીએ એને સાસુજી પણ કેવા શબ્દોથી લાડ લડાવે ?

“ઓરડેથી આવો રે ગુણિયલ ગોરણી રે લોલ,
આવો મારી વંશવધારણ વેલ.”

રોજ રોજ દિવસમાં દસ દસ વખત પોતાની વહુના પિયરને પીટનારી સાસૂ આજ સીમન્તને દહાડે શું ઉચરે છે ?

“પિયરપનોતાં રે શીયળસોહામણાં રે લોલ,
આવો શીળી સાસરિયાની સેર.”

એથી યે મૃદુ ભાવ તો આ પંક્તિએ નીતરે છે:—

“કુળવહુવારૂ રે આવો તમે આજનાં રે લોલ,
આવો એવા કાલ્ય તણાં કંઇ માય.”

આડે દહાડે જરા ધીરી ચાલ્ય ચાલનારી વહુવારૂને શા શબ્દો સાંભળવા પડે ? “ખાઓ છો તો થાળી ભરીને અને કામ કરતાં પગ કાંઇ ભાંગી જાય છે ?” આજ એ જ સાસુના મોંમાં શું હોય ?

“ધીરે ધીરે ધારો રે ચરણ સુલોચના રે લોલ,”

કારણ ? સ્વાર્થ:

“મોંઘાં ઉર-માણક ના મચકાય !”

અને પછી તો “નેહની રાખડી” લઇને નણંદ આવે છે, સાથે મોડિયો ને શ્રીફળ લેતી આવે છે. વાંચનારી બ્હેન ! એ બન્ને વસ્તુની વિધિના ગર્ભમાં કેવો સંકેત સમાયો છે તેની ખબર તને આજ સુધી હતી ? આજ તારા બોટાદકર ભાઇએ એનો કેવો મર્મ ઉઘાડયો છે તે જો:

“માથડે ધરાવું રે મણિમય મોડિયો રે લોલ,
ઝીલો એવા જનની-ભાવના ભાર,
શ્રીફળ સલુણી રે ! ખોળે ધરૂં ખાંતથી રે લોલ,
દેજો એવા અમને ફાલ રસાળ.”

સ્ત્રી હૃદયને આટલી સુગમ્ય બની શકે તેવી રીતે આ વાત આજ સુધી કોઇ અન્ય આધુનિક કવિએ મૂકી છે ખરી ?

આ રાસ તો "માતૃગુંજન" અને "ભાઈબીજ"ની સાથે આસન લે તેવો રચાઈ ગયો. સ્ત્રીના ભાવો અને ભાષા બન્નેનો આવો મીઠો સુયોગ સાધનાર બોટાદકર જાણે કે સાત સાત સ્ત્રી-જન્મો પૂરા કરીને પહેલવહેલા જ પુરુષ–અવતારમાં ચાલ્યા આવતા હોય ને!

'સીમન્ત' પછી શું હોય? 'વાત્સલ્ય'!

આખા જગત ઉપરની મમતા સંકેલાઇ જઇને એક જ જીવ ઉપર ઢળી પડે. અને એ ભાવનું જોર બતાવવા માટે કવિએ પણ "રાસતરંગિણી"ના વાતાવરણને અનુકૂળ અને તેવો પ્રસંગ ગોત્યો છે. અજવાળી રાતનો રાસ બરાબર જામ્યો છે.

આખી સૃષ્ટિ એ રાસડો સાંભળતી સાંભળતી થંભી છે. ભાન ભુલાયાં છે. એમાં તાલ તૂટયો. એક જણી ભાગી. સહુ ચોંકયાં. રંગ વીંખાયો. શા માટે? સાસુએ બોલાવી? ના! રમતાં રીસ ચડી? ના! ફૂદડી ફરતાં ફેર ચડયા? ના! ત્યારે?

"પોઢયા પારણે રે, આવ્યાં બાળકુંવર કેં યાદ"

બસ? આટલી નાદાની? વાત્સલ્ય એટલે જ નાદાની.

એક વરસની અંદર કવિએ લોક–હૃદયમાં પેસવાનો માર્ગ ઠીક પહોળો કરી લીધો છે. નારીના હૈયાની ખૂબ નજીકમાં જવાયું છે. "રાસતરંગિણી"નાં બિલોરી પાણીમાં ચારે તરંગોનો ખલકો જરાય ડોળાણ ઉપજાવ્યા વિના નવાં, નિર્મળાં નીરનો ઉમેરો કરે છે.

"સૌરાષ્ટ્ર" કાર્યાલય,
રાણપુર
આષાઢ શુદ બીજ
સન ૧૯૨૫

ઝવેરચંદ મેઘાણી

રાસ

(શંકરાભરણ)

આજ અલબેલડી, વિમળ રસવેલડી,
    સકળ સાહેલડી રાસ ખેલે,
ગગન ગર્જાવતી, પ્રણય પ્રકટાવતી,
    પ્રમદ વર્ષાવતી વિશ્વ રેલે. આજ૦

અજબ અવરોહ આરોહ સંભ્રમભરી,
    ક્રમવિવશ ધરણિતલ ચરણ ધરતી;
તાલકૃતલાલિમાલસિતકરતલવતી,
    કુકુભઉર ભવ્ય આહ્લાદ ભરતી. આજ૦

ગાનરસલીન ભવભાન ભૂલી જતી,
    સહજ ભૂલાવતી શ્રવણસંગે;
નવલ રસનિર્ઝરે જગત ન્હવરાવતી,
    સ્નાતિ શ્રમશીકરથી આપ અંગે. આજ૦

પુણ્ય પ્રણયે ભર્યાં અવનવાં કવન કૈં,
    અંતરે અમિત બલથી ઉછળતાં;
કૈંક કંઠે, કંઇ હૃદયમાં રહી જતાં;
    ભાગ્યભર વદન વસી ભવન ભરતાં. આજ૦

મધુર 'મહિયર'તણાં મિષ્ટ 'માડી'તણાં,
    રસિક 'વાલ્યમ' તણાં સ્મરણ છુટે;
અંગ રોમાંચ ને કંઠ રૂન્ધન કરે,
    નયનમાં નીર પળ એક પૂરે. આજ૦

મન્દગતિ મલપતો, સ્વર સુભગ ઝીલતો,
    અનિલ ઘર-ઘર જતો ગાન ગાતો;

પ્રણયપીયૂષથી પિંડ પરિપોષતો,
 પ્રતિ હ્રદય પુણ્યરસ સહજ પાતો. આજ૦
મલિન શેવાલના સહજ અપસરણથી,
 સ્વચ્છ સોહંત સરસી સમાણું;
ચલિતકરભંગ દગમીનતરલિત થતું,
 મધુર મંડળ મચ્યું ભાવભીનું. આજ૦
દૂરતર બાલરોદનશ્રવણસંભ્રમા,
 સકળ સહિયર તણો સંગ છોડી;
ભવ્ય વાત્સલ્યભરી અજબ ઉદ્ગયનથી,
 ચપલગતિ ઘર જતી કોઈ દોડી. આજ૦
હૃદયપીયૂષરસપાનથી પોષતી,
 શયિત સુતવદન પર દૃષ્ટિ દેતી;
આવી ઉતાવળી, શીઘ્ર સખીમાં મળી,
 સ્વર તુરત મધ્યથી ઝીલી લેતી. આજ૦
પુરુષપદરવ તણી સ્વલ્પ શંકા થતાં,
 સ્વરહૃદયઅંગસંકોચ કરતી;
એક પળમાંય સ્વર સકળ પલટાવતી,
 ગુંજતી નવલ ઉર ભાવ ભરતી. આજ૦
શ્રમભરી સુન્દરી કર થકી કર ગ્રહી,
 બેસતી કૈંક વિશ્રામ લેતી;
કૈંક અનુદિત નવલ ગીતગુંજન વડે,
 અજબ અન્યોન્ય રસદાન દેતી. આજ૦
સ્મરણવિસ્મરણહિંદોલ પર હિંચતી;
 કોટી અવધાનસંવ્યગ્ર થાતી,
વિશ્વવિષપાનમૃતહૃદયસંજીવની,
 આર્ય કુલદેવીઓ ગીત ગાતી. આજ૦

સખીઓને

(જે કોઈ અંબિકાજી માતને આરાધશે રે લોલઃ એ ઢાળ)

સખિ ! આવોને આજ મારે આંગણે રે લોલ,
હું તો પૂજીશ પ્રેમભરી પાંપણે રે લોલ,

સખિ ! આવો તો રાસરંગ ખેલશું રે લોલ,
સૂના ઉરમાં સોહાગ કૈંક સિંચશું રે લોલ,

સૂના મંદિરને ગાનથી ગજાવશું રે લોલ,
સૂના જગમાં આનંદ ઉછળાવશું રે લોલ.

શીળી ચંદાનાં શીત ઝરણુ ઝીલશું રે લોલ,
એના અમૃતથી ન્હાઈશું—ન્હવાડશું રે લોલ.

તપ્યા તરણિનો તાપ બધો ટાળશું રે લોલ,
રૂડાં રજની—રાણીનાં હૃદય રંગશું રે લોલ.

પુણ્ય પડઘા તે પ્રેમ તણા પાડશું રે લોલ,
મોળા મનના અબોલડા મટાડશું રે લોલ.

ભર્યા ભવના અનેક ભેદ ભાંગશું રે લોલ,
કૈંક વીત્યાં વિયોગનાં વિસારશું રે લોલ,

સખિ ! આવો વસન્ત કેરી વાડીએ રે લોલ,
મધુમંડપ નિકુંજ—કુંજ માંડીએ રે લોલ.

વ્હાલભીની વસન્તને વધાવીએ રે લોલ,
મીઠી કોયલના કાનને જગાડીએ રે લોલ.

નવી ક્યારીમાં રોપ નવા રોપીએ રે લોલ,
એને આછાં તે નીરથી ઉછેરીએ રે લોલ.

કૈંક અણખીલી પાંખડી ખીલાવીએ રે લોલ,
વિશ્વપન્થે સુગન્ધ પુષ્પ વેરીએ રે લોલ.

અમરગંગાને આભથી ઉતારીએ રે લોલ,
અમરવેલિની છાંય બધે છાઈએ રે લોલ.

કોયલ બ્હેની

('શે'રનો સુબો ક્યારે આવશે રેઃ એ ઢાળ)

વાગે વધાઈ વસન્તની રે,
ફૂલડે ઊડે એની ફોર રે, કોયલ બ્હેની !
એક 'કૂહૂ' કર આજનું રે—

મ્હોરી લતા કંઈ માંડવે રે,
મીઠો આંબલિયાનો મ્હોર રે, કોયલ બ્હેની ! એક૦

વન વન વેણુ વિહંગનાં રે,
ઘર ઘર ગાજતાં ગાન રે, કોયલ બ્હેની ! એક૦

સૂનાં લાગે સહુ એ સખિ ! રે,
પંચમ વિણ નહિ પ્રાણ રે, કોયલ બ્હેની ! એક૦

આજ કળી ઉઘડી રહે રે,
ઉઘડે અણબોલ ઉર રે, કોયલ બ્હેની ! એક૦

અંતર એમ ઉઘાડજે રે,
સંતાડ્યા છેડજે સૂર રે, કોયલ બ્હેની ! એક૦

આજ રહે ક્યમ રૂસણાં રે !
આજ થવાં શાં ઉદાસ રે, કોયલ બ્હેની ! એક૦

ઉભી સખી આવી આંગણે રે,
પ્રેમનો કરજે પ્રકાશ રે, કોયલ બ્હેની ! એક૦

કાલ્ય વસન્ત વહી જશે રે,
આભમાં ઉડશે આગ રે, કોયલ બ્હેની ! એક૦

આવશે મેઘ અષાઢનો રે,
વીજળી પામશે વાજ રે, કોયલ બ્હેની ! એક૦

દાદુરનાદ ડરાવશે રે,
ઝિલ્લી તણા ઝણકાર રે, કોયલ બ્હેની ! એક૦

માન ત્યારે મન રાખજે રે,
અવર તણે અધિકાર રે, કોયલ બ્હેની ! એક૦

આજ રાણી તું તો રાગની રે,
સૌરભનો શણગાર રે, કોયલ બ્હેની ! એક૦

વેહઋચા તું વસન્તની રે,
ધીમી સુધા કેરી ધાર રે, કોયલ બ્હેની !
એક 'કૂહૂ' કર આજનું રે

જનની

(મહિડાંનાં દાણ અમે નહિ દઇં રે લોલ—એ ઢાળ)

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે.
જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ.
જગથી જુદેરી એની જાત રે. જનનની૦

અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. જનનીની૦

હાથ ગુંથેલ એના હીરના રે લોલ.
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની૦

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડય રે. જનનીની૦

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની૦

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની૦

મુંગી આશીષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખુટે ન એની લ્હાણ રે. જનનીની૦

ધરણી માતા યે હશે ધ્રુજતી રે લોલ,
અચળા અચુક એક માય રે. જનનીની૦

ગંગાનાં નીર તો વધે ઘટે રે; લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની૦

વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે. જનનીની૦

ચળતી ચંદ્રાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ૦

ભાભી

(મહિડાંનાં દાણ અમે નહિ દઈ રે લોલ—એ ઢાળ)

ટહૂકે વસન્તકુંજ કોકિલા રે લોલ,
ઘરમાં ભાભીનાં એવાં ગીત રે.
ભાભીના ભાવ મને ભિંજવે રે લોલ.

વીરા મારાની મધુર મોરલી રે લોલ,
નવલા એ રાગ વહે નિત્ય રે. ભાભીના૦

છોડી પિયરની એણે પાલખી રે લોલ,
મૂકી માયાભરી માત રે. ભાભીના૦

વ્હાલાંનો સંગ કર્યો વેગળો રે લોલ,
મારા એ બન્ધવાને માટ રે. ભાભીના

સહિયરનો ! સાથ ત્યજ્યો સામટો રે લોલ,
દાદાનો દૂર કર્યો દેશ રે. ભાભીના૦

ખાંતનાં ભરેલ ત્યજ્યાં ખેલણાં રે લોલ,
છોડયો બાળાપણ વેશ રે. ભાભીના૦

સાધી શકે ન અમરસુન્દરી રે લોલ,
એવો અમોલ એનો ત્યાગ રે. ભાભીના૦

શાં શાં તે મૂલ એનાં આંકિયે રે લોલ,
શાં શાં સમર્પિયે સોહાગ રે. ભાભીના૦

એને માડીનો સોહે મોડિયો રે લોલ,
રૂડાં દાદાજીનાં રાજ રે. ભાભીના૦

વ્હાલ અખંડ મારા વીરનું રે લોલ,
લાખ ટકાની કુળલાજ રે. ભાભીના૦

એને મંદિર, એને માળિયાં રે લોલ,
સોળે સજાવું શણગાર રે. ભાભીના૦

એને તે કોષતણી કુંચીઓ રે લોલ,
હીરા ને મોતીઓ હજાર રે. ભાભીના૦

એ તો અમારી અન્નપૂરણા રે લોલ,
વીરાના વંશ કેરી વેલ્ય રે. ભાભીના૦

હસતી ઉષા એ અમ આભની રે લોલ,
રઢિયાળી રંગડાની રેલ રે. ભાભીના૦

માડીજાયો તે મધુર મોરલો રે લોલ,
ભાભી ઢળકતી શી ઢેલ રે. ભાભીના૦

વીરો મ્હેરામણ મીઠડો રે લોલ,
શીળી સરિતની એ સેર રે. ભાભીના૦

ચળકો સદાય એનો ચાંદલે રે લોલ,
જીવો એ જુગ-જુગ જોડ રે. ભાભીના૦

હૈયાં એ હેતભર્યાં હિંચજો રે લોલ,
પૂરો પ્રભુજી એના કોડ રે. ભાભીના૦

રાજવણ

(અંજનીના જાયા હનુમાન રે ! સમરું બજરંગી—એ ઢાળ)

સખિ ! ધીરે-ધીરે પગ ધાર રે, રાજવણ રંગભીની !
ઘડી ઘેરાતી આંખડી ઉઘાડ રે, રાજવણ રંગભીની !

નવા જગની આ વાટડી નિહાળ રે, રાજવણ રંગભીની !
હસે હૈયાનાં હેત જો ! હજાર રે, રાજવણ રંગભીની !

મધુર-મધુર મુખ મરકતો, ઊભો ઉર આધાર;
કરમાં કર દઇ કોડથી
એની શીળી શી છાંયડીમાં ચાલ રે, રાજવણ રંગભીની !

સખિ ! ધીરે-ધીરે પગ ધાર રે, રાજવણ રંગભીની !
ઘડી ઘેરાતી આંખડી ઉઘાડ રે, રાજવણ રંગભીની !
નવા જગની આ વાટડી નિહાળ રે, રાજવણ રંગભીની !
હસે હૈયાનાં હેત જો ! હજાર રે, રાજવણ રંગભીની !

પ્રિયજન પ્રેમભર્યાં કરે સુખશીળો સત્કાર;
આતુર ઉર ઉછળી રહે
તને ઊંચો દેવા અધિકાર રે, રાજવણ રંગભીની !

સખિ ! ધીરે-ધીરે પગ ધાર રે, રાજવણ રંગભીની !
ઘડી ઘેરાતી આંખડી ઉઘાડ રે, રાજવણ રંગભીની !
નવા જગની આ વાટડી નિહાળ રે, રાજવણ રંગભીની !
હસે હૈયાનાં હેત જો ! હજાર રે, રાજવણ રંગભીની !

કોમળ કૈં કુસુમો ખરે, વિધિનું વરસે વ્હાલ,
અમીઝરણાં જગનાં ઝરે
એનો અંતરમાં ઝીલજે ઉછાળ રે, રાજવણ રંગભીની !

સખિ ! ધીરે-ધીરે પગ ધાર રે, રાજવણ રંગભીની !
ઘડી ઘેરાતી આંખડી ઉઘાડ રે, રાજવણ રંગભીની !

નવા જગની આ વાટડી નિહાળ રે, રાજવણુ રંગભીની !
હસે હૈયાનાં હેત જો ! હજાર રે, રાજવણુ રંગભીની !

પુણ્યભર્યાં પરિણામ એ, સુરપુરનો સંચાર,
પ્રભુનો પંથ પવિત્ર એ,
એનો ઉંચો આદેશ એ ઉદ્ધાર રે, રાજવણુ રંગભીની !

સખિ ! ધીરે ધીરે પગ ધાર રે, રાજવણુ રંગભીની !
ઘડી ઘેરાતી આંખડી ઉઘાડ રે, રાજવણુ રંગભીની !
નવા જગની આ વાટડી નિહાળ રે, રાજવણુ રંગભીની !
હસે હૈયાનાં હેત જો ! હજાર રે, રાજવણુ રંગભીની !

માતૃગુંજન

(લક્ષ્મણ । લક્ષ્મણ ! બન્ધવા રે ! વેરી કોણે રે લખિયા ?
—એ ઢાળ)

આછાં નીરે ઉછળી રહી રે પેલી વાહિની વાધે
આંસુભરી અલબેલડી રે આજ સાસરી સાધે;
વ્હાલા અનેક વળામણે રે એક અંતર ફાટે,
જેઠ તપી રહ્યો જગતમાં રે એને શ્રાવણ આંખે.

આજ મરી જતી માવડી રે એને કાળજે કાણાં,
દૂધ ભર્યું હજી દાંતમાં રે એને આપવાં આણાં;
ઢોલીડા ! ઢોલ ઢબુકતો રે ઘડી રોકજે તારો,
ઘાવ ઊંડા ઘટમાં પડે રે નથી વેઠવા વારો.

ઘમ ઘમ ગાજતી ગોંદરે રે આવી વેલડી ઊભી,
રોકી શકે નહિ રાંકડી રે જતી મહિયરઓંઘી;

ધોરી ! ધીરે તમે ચલજો રે મારૂં ફૂલ ન ફરકે,
ઊડી જશે પળ એકમાં રે એનું કાળજું ધડકે.

સાસરવાટ શિલાભરી રે એને છેક અજાણી,
ક્યાંય શીળી નથી છાંયડી રે નથી પન્થમાં પાણી;
લાજભરી મારી લાડકી રે એને મોઢડે તાળાં,
કોણ પળે પળ પૂછશે રે દુઃખી જોઈ દયાળાં,

આજ તપે કયમ આવડો રે કે'ને સૂરજ શાણા ?
ખાલી ઉરે ખમશે નહિ રે તીણા ન્હોર એ તારા;
આગ ભલે મુજ અંતરે રે વરસાવજે વીરા !
જાઇનો પન્થ તો જાળવી રે રથ ખેડજે રૂડા.

ઊડતી વાટે વસુમતી ! રે તારી રોકજે રેણુ,
કમળ કળી થકી કોમળું રે બ્હેની ! અંગ છે એનું;
ઉંચા નીચા તારા અંગને રે સખિ ! દેજે શમાવી,
જાત કઠણ એને જોઇને રે ઘડી કરજે સુંવાળી.

વન–વન વીંઝતા વાયરા રે એને સાચવી વાજો,
વીર સમા વળાવિયા રે ! વાટે ઠાવકા થાજો;
ધામ વળે એને ઘુમટે રે ઝીણા વીંઝણા દેજો.
પાલવડાને પલાળતાં રે લુછી આંસુડાં લેજો.

વ્હાલભરી વનદેવીઓ રે ! ઊંડા આદર દેજો,
જતન કરી એના જીવનું રે મીઠાં મીઠડાં લેજો;
ઝુકી રહ્યાં પંથ ઝાડવાં રે દેજો સોરમ છાયા,
એક ઘડી એને કારણે રે મન રાખજો માયા.

વાટનાં વીર વિહુંગડાં રે ! એની સોબતે રે'જો,
ગીત નવાં–નવાં ગાઈને રે ઊંડી ધીરજ દેજો;
હૈયાંસૂની હુબકી જતી રે એને રાખજો રાજી,
મેં તો ત્યજી હવે હાથથી રે હતી જાળવી ઝાઝી.

દીકરી વ્યોમની વાદળી રે દેવલોકની દેવી,
જોઈ–ન જોઈ વહી જતી રે વનપંખણી જેવી;
આજ માડી તણે આંગણે રે રૂડા રાસડા લેતી,
કાલ્ય અગોચર ભોમમાં રે ડગ ધ્રુજતાં દેતી.

સાયર સાચલ સાસરૂં રે એનાં નીર તો ઊંડાં,
દોડી–દોડી કરે ડોકિયાં રે મહિં જળચર ભુંડાં;
મીઠા તળાવની માછલી રે પાણી એ કયમ પીશે ?
ઘેરા એના ઘુઘવાટથી રે મારી બાળકી બ્હીશે.

જાય અહો ! વહી વેલડી રે વ્હીલી માત વિમાસે,
સૂનું થયું જગ સામટું રે ભૂમિ ડોલતી ભાસે;
ઉનો અનિલ આ એકલો રે વહે ધ્રુશકાં ધીરે,
હાય ! હણાયલી માતને રે ચડી અંતર ચીરે.

સુન્દરી શીળે ભરી રે

[સ્નેહધામ સૂનાં સૂનાં રે– ઢાળ]

શીળાં સરોવર ઝીલવાં
સખિ ! શીળો મનોહુર મેઘ રે.
સુન્દરી શીળે ભરી રે.

શીળા શશીમુખ શેરડા,
એવાં શીળાં તારલિયાનાં તેજ રે. સુન્દરી૦

શીળી ઉષા અલબેલડી,
સખિ ! શીળી સોહાગણ સાંજ રે. સુન્દરી૦

શીળાં પ્રભુજીનાં પેખણાં
સખિ ! શીળા તે શારદ રાસ રે. સુન્દરી૦

શીળી દાદાજીની ડેલિયો,
શીળી મીઠિ મન માય રે. સુન્દરી૦

શીળાં વીરાજીનાં વેણુલાં,
એવા શીળા ભાભી કેરા ભાવ રે. સુન્દરી૦

શીળું પીયર શીળી સાસરી,
કાંઇ શીળો સમોવડ સાથ રે. સુન્દરી૦

શીળાં સાસુ સસરા સદા,
સખિ ! શીળી વાલ્યમની વાત રે. સુન્દરી૦

શીળી નણંદ ઉર નાગરી,
કાંઇ શીળો તે દૂધમલ દે'ર રે. સુન્દરી૦

શીળી સાહેલી સંગની,
એવી શીળી સંસારની સેર રે. સુન્દરી૦

શીળી ગોરાંદેની ગોઠડી,
એનો શીળો કોડાયલ કન્થ રે. સુન્દરી૦

શીળી પ્રીતમની પ્રીતડી,
એવા શીળા પ્રભુજીના પન્થ રે. સુન્દરી૦

શીળી વામા વિનયે ભરી,
એની શીળી લાખેણી લાજ રે, સુન્દરી૦

શીળી શિયળ કેરી છાંયડી,
સખિ ! શીળાં રમણુનાં રાજ રે.
સુન્દરી શીળે ભરી રે.

સન્દેશ

(સ્નેહધામ સૂનાં સૂનાં રે—એ ઢાળ)

ઊંચાં આકાશનાં આંગણું,
સખિ ! નીચા તે મેઘલ મ્હેલ રે.
આંખડી આંસુભરી રે.

ઊંચે ચન્દ્રા ચળકી રહી,
કાંઈ નીચાં ઢળે એનાં નેણ રે આંખડી૦

ઊંચે ઉરે હું એકલી,
વહે નીચાં નેણાંનાં નીર રે- આંખડી૦

ભિંજે હૈયાનો હીરલો,
મારાં ભિંજાય નવરંગ ચીર રે- આંખડી૦

ચન્દ્રા ! ચટકતી ચાલતાં,
જરી સુણજે વિજોગની વાત રે આંખડી૦

એક સન્દેશડો આપજે,
માારી ઝુરી મરે જ્યાં માત રે. આંખડી૦

"શાં શાં એંધાણે ઓળખું ?
"કંઇ ઝુરી મરે છે માય રે !" આંખડી૦

રોતાં આંખલડી રાતડી,
એનું હૈયું હિંચોળા ખાય રે. આંખડી૦

ઘૂમી રહે ઘરઘેલડી,
એને કામ સૂજે નહિ કાંય રે- આંખડી૦

કાગ ઉડાડતી આંગણે,
એ તો દોડી—દોડી ડોકાય રે. આંખડી૦

ગાય વળાવતી ગોંદરે,
એની એક દિશામાં આંખ રે. આંખડી૦

પન્થી—પન્થીને પૂછતી
એનો એકલડો અભિલાખ રે. આંખડી૦

એ રે એંધાણે ઓળખી,
સખિ ! કહેજે કુશળનાં કે'ણ રે. આંખડી૦

આજ નાખ્યું મેં એટલું,
તને વ્હાલી ગણીને વેણ રે.
આંખડી આંસુભરી રે.

આણાં

(હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો—એ ઢાળ)

આવી-આવી વગડા વિંધી વેલ્ય જો,
ઘુઘરીએ ઘમઘમતા આવ્યા ઘોડલા;
આજ ફળી અંતરની એકલ આશ જો,
મીઠડલી માવડીએ આણું મોકલ્યાં.

મેં જાણ્યું જે ભૂલી મુજને માત જો,
બાપુને અંતરથી છૂટી બેટડી;
ભાભલડીના ઉરનો ભાળી ભાવ જો,
બન્ધવડે વિસારી એની બ્હેનડી.

શેરડીએ વીરાનો શીળો સાદ જો,
શીળા એને ઉર શોભે સન્દેશડા;
મીઠાં-મીઠાં મહિયર કેરાં માન જો,
મહિયરના મારગડા મનને મીઠડા.

સાસુજી ! આપોને અમને શીખ જો,
ભાવભર્યાં એ ભાંડરડાંને ભેટવાં;
જોશું-જોશું વ્હાલેરી વનવાટ જો,
જોશું રે ! મહિયરનાં જૂનાં ઝાડવાં.

જોશું-જોશું દાદાનો દરબાર જો,
કાળજડે રમતા એ ગઢના કાંગરા;
વીરાજીના રઢિયાળા રણવાસ જો,
ખેલણમાં ખુંદેલાં એનાં આંગણાં.

મીઠો વરસે માવલડીનો મેહ જો,
    ન્હાશું એનાં ઝરમર ઝરતાં નીરમાં;
ત્યજશું ઊંડો અંતરનો પરિતાપ જો,
    શીતળતાની ભરશું હેલ શરીરમાં.

સામો મળશે સાહેલીનો સાથ જો,
    આંખડલીનાં આંસુ આદર આપતાં;
વાતડલીનો વધતો વેગ વિશાળ જો,
    મીઠા કૈંક મનોરથ મનમાં મ્હાલતા.

વસમી લાગે ભવની લાંબી વાટ જો,
    મહિયરને મારગડે શીળી છાંયડી;
પળ-પળ પીવાં કૈંક જગતનાં ઝેર જો,
    માડીના કરમાંય સજીવન સોગઠી.

સાસરી

(ઉગમણી ધરતીના કોરા કાગળ આવ્યા રે—એ ઢાળ.)

ઊંચી આંબલિયાની ડાળીઓ ડોલે રે,
માંહિ બેઠી બાળી કોયલ બોલે રે,
આવ્યાં સખિ એવાં સાસરી સેવી રે,
કહોને સોહાગણ ! સાસરી કેવી રે ?

નવલા જગત કેરી શી શી નવાઇ રે ?
કહાને એની કળ-કુંચીઓ કાંઇ રે,

કેવાં સાસુ, નણંદ-જેઠાણી રે ?
કેવી પાડોશણ ને પિતરાણી રે ?

લોક નવા, નવી ધરતી અજાણી રે,
કયમ કરી બ્હેનડી ! પ્રીત બંધાણી રે ?
ત્યાં નહિ દાદા ને ત્યાં નહિ માડી રે,
ત્યાં નહિ એકે સહિયર સમાણી રે.

ત્યાં નહિ ભીનલા ભાઈ—ભોજાઈ રે.
નાની—મોટી નહિ માડીની જાઈ રે;
કોણ આંખડલીનાં આંસુડાં લ્હોતું રે ?
કોણ લળી-લળી મોઢતાં જોતું રે ?

વીતક વાતડી કયાં જઈ કરતાં રે ?
દાઝયાં દિલે સખિ ! કયાં જઇ ઠરતાં રે ?
શે મિષે વીસર્યાં મહિયર મીઠાં રે ?
દીઠલાં કેમ કર્યાં અણદીઠાં રે ?

દાદાએ દીધી ને માડીએ માની રે !
એ સુખસોહ્યલી સાસરી શાણી રે !
માડી સમાં ત્યાં તો સાસુ સલુણાં રે,
આપે—આપે તો થાય ન ઊણાં રે,

'વહુ' કેરે વેણલે સાદ સૂકાતા રે,
ઉરભરી અમૃત પળ—પળ પાતાં રે;
જોડ જેઠાણીની માજણી જેવી રે,
ઓછી—ઓછી થતી નણદલ એવી રે.

પ્રીતમની જાણે પ્રીત પુરાણી રે,
વ્હાલભરી એની મીઠડી વાણી રે;
એજ આંખડલીનાં આંસુડાં લ્હોતાં રે,
એજ લળી—લળી મોઢડાં જોતાં રે.

નવલું જગત નવા હેતથી હરખે રે,
મીઠી આશિષોના મેહુલા વરસે રે;
ઊંચી આશા કેરી ડાળીઓ ડોલે રે,
ત્યાં સખિ ! વાલ્યમ હૈયાં હિંચોળે રે.

તો ય ન મહિયર મનથી વછૂટે રે,
એક ઘડી એનો તાર ન તૂટે રે;
સૂતાં સેજલડીમાં સોણુલાં આવે રે,
ભિંજવે આંખ ને તનડાં તપાવે રે.

રૂપાળી રાત

(ઊભા રહો તો કહું વાતડી વિહારીલાલ !—એ ઢાળ)

રસની એ રેલ સખિ ! સાંભરે રૂપાળી રાત
ઘેરાતી આંખડી ઉજાગરે રૂપાળી રાત.

સખીઓનાં ગીતભરી ગાજતી રૂપાળી રાત,
દેવોનાં દુંદુભિ વગાડતી રૂપાળી રાત.

મનનો માનેલ મળ્યો મોરલો રૂપાળી રાત,
ચમક્યો એ ચિત્ત કેરો ચાંદલો રૂપાળી રાત.

હાથે તે હાથ રહ્યો હિંચતો રૂપાળી રાત,
ઉરમાં ઉમંગ–સુધા સિંચતો રૂપાળી રાત.

આછાં કૌમારવ્રત ઉજવ્યાં રૂપાળી રાત,
જોડ્યા એ પ્રાણ હતા જૂજવા રૂપાળી રાત.

વાગી એ વ્હાલકેરી વાંસળી રૂપાળી રાત,
અંતરનાં ગાન રહ્યાં ઉછળી રૂપાળી રાત.

લીધા–દીધા તે કોલ કાળજે રૂપાળી રાત,
પ્રભુએ કહ્યું ‘ સદૈવ પાળજે ’ રૂપાળી રાત.

આંખથી લગીર આંખ મેળવી રૂપાળી રાત,
પાંખથી લગીર પાંખ ભેરવી રૂપાળી રાત.

સૂરજ શશીને કર્યાં સાખિયા રૂપાળી રાત,
ભાવિના ભેદ કૈંક ભાખિયા રૂપાળી રાત.

ગંગા ને સિન્ધુકેરી સંગતિ રૂપાળી રાત,
એવા અભેદ રચ્યા આજથી રૂપાળી રાત.

પલટી એ પ્રેમતણી પુંજીઓ રૂપાળી રાત,
પલટાવી કાળજાની કુંચીઓ રૂપાળી રાત.

આશાનાં દ્વાર નવલ ઉઘડ્યાં રૂપાળી રાત,
પળમાં પ્રકાશ પડ્યા પ્રેમના રૂપાળી રાત.

શીળી સંસારતણી શેરીએ રૂપાળી રાત,
કીધો પ્રવેશ ચડી ચૉરીએ રૂપાળી રાત.

પગલે પગલે પ્રીત પાથરી રૂપાળી રાત,
સુમને વધાવી શીળી સાસરી રૂપાળી રાત.

મોંઘી આશિષ પિતામાતની રૂપાળી રાત,
ઝીલી અબોલ સખી સાચની રૂપાળી રાત.

રસની એ રેલ સદા સાંભરે રૂપાળી રાત,
રહેજો અખંડ મારે આંગણે રૂપાળી રાત.

વાલ્યમનાં વેણ

(મારી માને કે'જો તે આણાં મોકલે રે—એ ઢાળ)

ગાજે વડલો વિહંગતણાં ગાનથી રે,
માંહે ટહુકે કળાયલ મોર;
મને વ્હાલાં વાલ્યમજીનાં વેણલાં રે.

એવો ઉરને આનન્દ એક બોલડે રે,
એ તો લાગે કાળજડાની કોર- મને૦

એને અમૃત તો એક-એક અક્ષરે રે,
સખિ ! શીળા-શીળા એના સૂર. મને૦

રોમે—રોમે રૂડો રસ રાજતો રે,
ચડે હૈયામાં પ્રેમતણાં પૂર. મને૦

જાણે વરસે કો મન્દ મન્દ મેહુલો રે,
સરે આછી સલીલકેરી સેર. મને૦

જાણે ફૂલડાં ઝરે કોઇ ફોરતાં રે,
લળી આવે સાગરતણી લ્હેર. મને૦

દીસે જાદુ જરૂર એની જીભમાં રે,
હું તો ભૂલી ગઇ તનભાન. મને૦

રહે મનને નચાવી એની મોરલી રે,
મારા ઉરનો કોડીલો એ કા'ન. મને૦

ભલે વરસે અંગાર કોઇ આભથી રે,
ભલે કરવતથી કાળજું કપાય. મને૦

રહે રસની સરિત ઉરે રેલતી રે,
પડી જુઠા સંતાપ સહુ જાય. મને૦

હિંડોળ

(સોના ઇંઢોણી રૂપા બેડલું રે,
પાણીડાં ગઇ'તી તળાવ, મારા વાલ્યમા !—એ ઢાળ.)

ઊંચી આંબા કેરી ડાળીએ રે,
હીરની દોરીએ હિંડોળ; મારી બ્હેનડી !
ઝૂલું-ઝૂલું હું તો એકલી રે,
ઉરમાં ઉમંગ અમોલ. મારી બ્હેનડી !

સરખી સાહેલી ઝૂલાવતી રે,
શીળી ઝૂકે શિર છાંય, મારી બ્હેનડી !

ઝીણું—ઝીણાં વહે ઝૂલણાં રે,
નિંદર નેણે ભરાય. મારી બ્હેનડી !

આવ્યો જોગી એક બાલુડો રે,
વાંસલડી રૂડી વાય; મારી બ્હેનડી !
હળવે નાખ્યો એક હિંચકો રે,
આભલડે અડી જાય. મારી બ્હેનડી !

જોયું મેં તો જગ ઝૂલતું રે,
વાદળીના રણવાસ; મારી બ્હેનડી !
જોઇ અમરની અટારીઓ રે;
વ્યોમનદીના વિલાસ. મારી બ્હેનડી !

જોઇ સૂરજકેરી શેરીઓ રે,
ચાંદલિયાકેરા ચોક; મારી બ્હેનડી !
સામી રમે સુરસુન્દરી રે,
ગાય ચડી-ચડી ગોખ. મારી બ્હેનડી !

ઊભો જોગી એ તો આભમાં રે,
આંખડીએ શા ઉજાસ; મારી બ્હેનડી !
ઝીલી લીધાં મુજ ઝૂલણાં રે,
હેતભર્યું કરી હાસ. મારી બ્હેનડી !

એ પળની અમ પ્રીતડી રે,
એ દિનના ઉછરંગ; મારી બ્હેનડી !
ઝૂલું-ઝૂલું હું તો જોડલે રે,
નિત્ય વધે નવરંગ. મારી બ્હેનડી !

દામ્પત્ય

(માગ માગ પાવાના રાજન કે ત્રુઠમાન હું થઇ રે લોલ—એ ઢાળ.)

ઊભી આંબલિયાને ઉર અડી અલબેલડી રે લોલ,
વ્હાલી વાલ્યમ સંગે વાત કરે વનવેલડી રે લોલ;
ચાંપે દુઃખનો દાઝયો દેહ પનોતાં પાનથી રે લોલ,
હરવા અન્તરનો પરિતાપ રહે રસ રેડતી રે લોલ;

એની ખીલી શી ઉછરંગભરી ફૂલપાંખડી રે લોલ,
નિરખે વ્હાવલિયાનો નેહ ઉઘાડી આંખડી રે લોલ;
લેતાં અનિલ તણી કૈં લ્હેર દીસે ફરકી રહી રે લોલ,
સુખના સોણલિયાને સ્વાદ હશે હરખી રહી રે લોલ.

એના અંતરનો અનુરાગ સુહાગણ સાધતી રે લોલ,
પળ—પળ પ્રીતિકેરે પન્થ વિચરતાં વાધતી રે લોલ;
ઊંડા અન્તરનો આમોદ અમૂલખ આપતી રે લોલ.
લેવા જીવનની રસલ્હાણ સજી રહી સંગતિ રે લોલ.

એનો ભાવભર્યો ભરથાર રહ્યા શો રાચતો રે લોલ,
હસતું હૈયાનું કૈં હેત નિહાળી નાચતો રે લોલ;
ડોલે રસરીઝયો શો દેહ કે ડોલે ડાળીઓ રે લોલ,
સામો સૌરભનો સત્કાર દે વરણાગિયો રે લોલ.

કરનો કરથી શીતળ છાંય તપેલો તાપથી રે લોલ,
ઢોળે વિંજણલે શો વાય અજબ ઉરભાવથી રે લોલ;
અગણિત અંબરના આઘાત શિરે સાંખી રહે રે લોલ,
આપી રમણીને રસરંગ રસીલો રીઝવે રે લોલ.

ઊંચાં અંતરનાં અણમોલ દીસો છો દંપતી રે લોલ,
રહેજો જગમાં જીવનજોડ તમારી જીવતી રે લોલ;
વધજો તમ જેવું કૈં વ્હાલ અમારે અંતરે રે લોલ,
શીળા સૌરભનો સંચાર થજો અમ આંગણે રે લોલ.

શણગાર

(સામા ઓરડિયામાં નાગજી પોઢ્યા
નાગણી ઢોળે વાય, મારા વ્હાલા ! —એ ઢાળ)

આજ સખિ ! મારે દિવસ દિવાળી,
શા શા સજું શણગાર; રંગભીની ?
સોના–આભુષણ શોભતાં પ્હેરી,
સંચરશું સંસાર, રંગભીની !

સોના–આભુષણ શું કરું સજની ?
ઝાંખી પડી–પડી જાય; રંગભીની !
હીરા મોતી કેરા હાર હું પ્હેરું,
આંખલડી અંજાય; રંગભીની !

હીરા મોતીને હું શું કરું સજની ?
ન મળે સુગન્ધનું નામ, રંગભીની !
સારી લાગે મને ફૂલની માળા,
ઉરને આપે આરામ, રંગભીની !

ફૂલમાળાને હું શું કરું સજની ?
કાલ્ય પડચે કરમાય, 'રંગભીની !

મોંઘી વ્હાલાજીનાં વેણુની માળા,
મ્હેકી રહે મનમાંય, રંગભીની !

ઉરસાગરકેરા મોતીડાં ઝીલી,
રચશું મનોહર માળ, રંગભીની !
હિંચી-હિંચીને હિંચોળશે હૈયું,
નિત્ય વધારશે વ્હાલ, રંગભીની !

પનઘટ

(સખિ ! પડવાની પણ પ્રીત ગતમત્ય ભૂલી રે
—એ ઢાળ.)

સખિ ! પનઘટનાં પરિયાણ મુજને મીઠાં રે,
એવા સહિયરકેરા સંગ દોહ્યલ દીઠા રે;
જ્યાં નિત્ય નવેલે નીર સરિતા શોભે રે,
પ્રીતમને પળતી પન્થ પળ નહિ થોભે રે.

શી અંતરને ઉછરંગ લ્હેરો લેતી રે,
જીવનને જોવા કાજ વ્યાકુળ વ્હેતી રે;
અજાણ્યો કૈં આનંદ મનડે માણે રે,
એના ઊંડેરા અભિલાખ જન શું જાણે રે !

તરુઓ શાં એને તીર નિરખી નાચે રે !
જોઈ ભાવભરીનો ભાવ હ્રદયે રાચે રે;
ફૂલડાંની મીઠી ફોર ઉરથી આપે રે,
છાંયલડી દઈ સંતાપ "—" કાપે રે,

ડોલંતી આંબાડાળ કોયલ ટહુકે રે,
મીઠો એનો મદશોર ઉરને અડકે રે;
એ રસઘેલીનાં ગાન ઝીલી ઝરતાં રે,
વનપંખી મનમસ્તાન કિલકિલ કરતાં રે.

ધણ ચરવા સામી ધાર ધસતું રે,
ગોવાળા વાંસળી વાય સુર ગંભીરે રે;
કોઇ પાછા ધરતી પાય વચ્છવિજોગે રે;
એકલડી શી અકળાય સુરભિ શોકે રે.

એ વ્હાલેરી વનવાટ ચિતડે ચોંટી રે,
આંસુડે ભીની આંખ ઝંખે જોતી રે;
ઓ વાદળથી ઢંકાય મહિયર મારાં રે,
જ્યાં અંતરને ઉકળાટ વસતાં વ્હાલાં રે.

માડીના મીઠા બોલ વાયુ વહેતો રે,
કૈં ભાવભર્યા ભણકાર દિલને દેતો રે;
કોક વાટ જતાને વાત કહીએ કહેશું રે,
સોંપીને ઉર-સન્દેશ રીઝી રહેશું રે.

સાહેલી ભરીને હેત્ય મારગ મળશે રે,
આંખડીઓ થાતાં એક હૈયાં હસશે રે;
ઘટડાની ઊંડી ગોઠ કૈં—કૈં કરશું રે,
અમૃતના ઝીલી ઓઘ અંતર ઠરશું રે.

અણતોળ્યા ભવના ભાર મનથી મટશે રે,
અણબૂઝયા તનના તાપ ઘેરા ઘટશે રે;

જ્યાં ઉરનાં આપોઆપ ફૂલડાં ફૂલે રે,
બે ઘડીની મહિયરમાણ્ય પનઘટ પૂરે રે.

જળઝીલણી

(નાગર ! ઊભા રહો રંગરસિયા—એ ઢાળ)

આજ આનન્દજળઝીલણી રે,
સહિયર ! આવો એ જળ ઝીલવા.

ઉછળે અનંત રસરેલ રે, સહિયર ! આવો૦
સાજે સોહાગ સરિતસુન્દરી રે, સહિયર ! આવો૦
ઉરમાં ન એક અલબેલ રે. સહિયર ! આવો૦
ચન્દ્રાને ચોક ચડી ચાંદની રે. સહિયર ! આવો૦

આશાભરી ઉભરાય રે; સહિયર ! આવો૦
શીળી શી શારદ રાતડી રે, સહિયર ! આવો૦
મીટે—મીટે મલકાય રે. સહિયર ! આવો૦
પ્રીતિને પૂર જગતઝીલણી રે, સહિયર ! આવો૦

સેરે–સેરે નવાં નીર રે; મહિયર ! આવો૦
હૈયે તરંગ રૂડા હિંચતા રે, સહિયર ! આવો૦
તેજે ભર્યાં એનાં તીર રે. સહિયર ! આવો૦
વાલ્યમનાં વ્હાલ વહે વેગથી રે ! સહિયર ! આવો૦

ભરતી શી ભાવની ભરાય રે, સહિયર ! આવો૦
અમૃતના ઓઘભરી આંખડી રે; સહિયર ! આવો૦

મુખડે મીઠાશ નહિ માય રે, સહિયર ! આવો૦
એવો પ્રભુજીના પ્રેમનો રે સહિયર ! આવો૦
સાગર શો છલકાય રે ! સહિયર ! આવો૦
ઉરની રચાવી રૂડી અંજલિ રે, સહિયર ! આવો૦
ઝીલો ઝરણુ વહ્યાં જાય રે.
સહિયર ! આવો એ જળ ઝીલવા.

દેવર

(કોઈ વારોને નન્દના કુંવરને—એ ઢાળ)

મ્હારી વાડી ફૂલી ફૂલવેલિએ,
માંહિ મોગરો એક અમોલ રે;
દેરીડો સખિ ! મનમીઠડો.

દીપે ડોલરિયો કુળદીવડો,
એના ફૂલ શા બાલુડા બોલ રે. દેરીડો૦
એ તો તારલિયો અમ આભનો,
ઝીણા તેજભર્યો ઝળકાય રે; દેરીડો૦

એ તો કુણો કમળ જેવો ડોડવો,
મારા મીઠા સરોવરમાંય રે. દેરીડો૦
અભિલાખભરી એની આંખડી,
એને મોઢડે મ્હેકે મીઠાશ રે; દેરીડો૦
માંહિ શોભે શરમ કેરા શેરડા,
ભોળા ઉરના શા ઊજળા ભાસ રે ! દેરીડો૦

એ તો ભમરો ઉડે અમ આંગણે,
કાંઇ ગુંજન ઝીણલાં ગાય રે; હેરીડો૦

મને 'ભાભી'ના બોલે બોલાવતાં,
કેવાં ભીનલાં વદન ભરાય રે! હેરીડો૦
હું તો વીરવિજોગણ ઝૂરતી,
ઉર વ્હાલ રહ્યું ઉભરાય રે! હેરીડો૦

એ તો દિયર તણે દિલ રેડતાં,
મારા હૈયામાં હરખ ન માય રે! હેરીડો૦
એને નાની લાડડી લાવશું,
એના કુમળા પૂરશું કોડ રે. હેરીડો૦

જળ ભરવા જશું અમે સંગમાં,
જગ રીઝશે જોઇને જોડ રે. હેરીડો૦
અણખીલી એની ઉરપાંખડી,
અમે ખીલવશું કઈ ખંત રે; હેરીડો૦

ભવપન્થ બતાવશું ભાવથી,
રાખી આંગળીએ દિનરાત રે. હેરીડો૦

સાસુ

(મારી માને કે'જો તે આણાં મોકલે–એ ઢાળ)

વહે ગંગા મારે ઘરઆંગણે રે,
એનાં આછાં ઉછળતાં નીર;
સખિ! સાસુતણાં સુખ શાં કહું કહું રે!

રમે સૂરજ ને સોમ એના અંકમાં રે,
દેવતરુઓ ઊભાં એને તીર સખિ ! સાસુ૦
હું તો ભૂલી ભમું ભવમારગે રે,
પડે કાંટામહીં કદી પાય; સખિ ! સાસુ૦
ઘણાં ઝેરી જનાવર ઘૂમતાં રે,
ભુંડી હૈયામાં ભીતિઓ ભરાય. સખિ ! સાસુ૦
મને કેડો દેખાડે કને રહી રે,
મારો સાચવીને કર સ્હાય; સખિ ! સાસુ૦
રહે વસમા કાંટા વન વીણતાં રે,
ઝીલે આડા ઘડી-પળ ઘાય. સખિ ! સાસુ૦
ધરી અંગે આભૂષણ ઓપતાં રે,
હું તો લાગું લળી-લળી પાય. સખિ ! સાસુ૦
મને ઊંડેરી આશિષ આપતાં રે,
એને કાળજે કૈં-કૈં થાય. સખિ ! સાસુ૦
રહે રાજ ત્યજી ઉર રાચતું રે,
એની મોટપ કેમ મપાય ? સખિ ! સાસુ૦
મારા રૂડા સોહાગની રાખડી રે,
નવા જગની એ તો મુજ માય. સખિ ! સાસુ૦
એની સેવા કરી સુખ સાધશું રે,
ઉર લેશું ઝીલી ઉરલ્હાણ. સખિ ! સાસુ૦
એને દેશું વિસામો વાટમાં રે,
એના પ્રીતિથી પૂરશું પ્રાણ.
સખિ ! સાસુતણાં સુખ શાં કહું રે ?

નણદી

(નાથ ! આવો મારે ઓરડે—એ ઢાળ.)

ઊગ્યો આજ આદિત્ય આશાભર્યો,
એનો ઓછો રે—કાંઈ ઓછો ઉજાસ;
નણદી ! આવોને મારે આંગણે.

મારે બારણે બોલે બપૈયા,
એનાં ઓછાં રે-હજુ ઓછલાં હાસ. નણદી ! આવોને૦

હું તો નેહભર્યાં દઉં નોતરાં,
વ્હેલાં આવો રે મારા ઉરના ઉજાસ; નણદી૦

પરદેશણ આવોને પાધરી,
મારે હૈયે રે રૂડાં હિંચવજો હાસ. નણદી૦

જરી ઝબકો વિજોગણ વીજળી !
અજવાળો રે મારા રંક અવાસ; નણદી૦

આવો—આવોને મહિયરમીઠડાં,
તમે આવોને મારી સાસુના શ્વાસ. નણદી૦

બળિરાય સમા તમ બન્ધવા,
વારે વારે રે જુએ બ્હેનની વાટ; નણદી૦

તમે આવો 'રમા' લઈ રાખડી,
અમ ઉરના રે ઊંડા હરજો ઉચાટ. નણદી૦

લૂખી-લૂખી આશિષ તો લોકની,
એવા લૂખા રે એના સંગના લ્હાવ; નણદી૦

રસે ભીની રૂડી તમ રાખડી,
એવા ભીના રે ભોળા હૈયાના ભાવ. નણદી૦

તમ પાવન પાયને પૂજતાં,
મારાં પળમાં રે સહુ પાપ પળાય, નણદી૦

એક ઊઘડે આંખ અધુકડી,
મારે ભવને રે રૂડાં ભાગ્ય ભરાય, નણદી૦

તમને આપું નમન મારા નેણનાં,
આપું—આપું રે મારા હૈડાના હાર; નણદી૦

આછા ઉરની ઉતારીશ આરતી,
વ્હેલાં આવો રે મારાં હાનનાં દ્વાર. નણદી૦

મારાં બાળાં—ભોળાં શાં ભાણેજડાં,
ધરી અંકે રે એને લાવજો સંગ; નણદી૦

મીઠડાં લાડ લડાવવા,
ઉર ઊંડો રે કાંઈ ઉછળે ઉમંગ. નણદી૦

તમે રીઝો તો રીઝી રમા રહે,
દુભવતાં રે કાંઈ દેવ દુભાય; નણદી૦

તમ હેતમાં હેત પ્રભુતણાં,
તમ સંગે રે સહુ તીર્થ સહાય. નણદી૦

સમોવડ

(આવો રૂડો જમુનાજીનો આરો, કદમ કેરી છાયા રે—એ ઢાળ.)

મારે માંડવડે મલકાય શી વિધવિધ વેલિ રે!
એક-એકને હિંચતી અંક ભાવે રહી ભેટી રે,
ડાળી-ડાળી ને પાનમાં પાન, કળિમહીં કળીઓ રે,
રહી ભેરવી ભૂલીને ભેદ સુહાગણ સખીઓ રે.

રમે રંગભર્યો રસરાસ દઈ કર તાળી રે,
એની સામટી એક સુવાસ રહ્યું જગ ઝીલી રે,
ભલે વાયુ વિજોગના વાય, ભલે તન તૂટે રે,
પણ સ્નેહભર્યો સુખસંગ નહિ ક્ષણ છૂટે રે.

ફળ-ફૂલતણી પણ માય ન કોઇ કળાવે રે,
અહીં એક-બીજી તણાં બાળ મેતે હુલાવે રે;
ભલે મૂળ તણો નહિ મેળ, જાતે રહી જુદી રે,
પણ આખર એક અક અભેદ ઉરે ધરી ઉભી રે.

અમે ઝીલશું એનો અભેદ સમોવડ સાધી રે.
ઉર-ઉરનો સેવી આધાર વિસારશું વ્યાધિ રે,
લઈ આંસુડાં અંજલિમાંય એ લોચન લ્હોશું રે,
રસગોઠડીએ દઈ રંગ રીઝી ઉર રે'શું રે.

કુળમંડપને કરી છાંય દીપાવશું દા'ડી રે;
ખીલી ખીલવશું જગવેલ્ય વિભુ કેરી વાડી રે;

ભલે મહિયરનો નહિ મેળ, સ્વભાવ ન સરખા રે,
પણ એક કુટુંબનાં અંગ ઓપે કયમ અળગા રે ?

અમ વાદળીઓતણું વૃંદ થશે ઘન ઘેરો રે,
અમ સરિતતણે સમુદાય મહાનદ મીઠો રે;
સજશું મળીને મધમાખ મધુર મધપુડો રે,
કુળસુન્દરીઓ કુળરાસ રચાવશું રૂડો રે.

ભાઈબીજ

(લક્ષ્મણ ! લક્ષ્મણ ! બન્ધવા રે વેરી કાણે રે લખિયા—એ ઢાળ.)

ઊંચા આંબા, ઊંચી આમલી રે નીચી વાડીની વેલી,
ઊંચી ચડે, નીચી ઉતરે રે આજ વ્હાવરી વ્હેની;
વીરની વાટ વિલોકતાં રે એની આંખડી ફાટે,
સારી લાગે નહિ સહિયરો રે એને ઘરમાં ન ગોઠે.

ઊભો રહ્યો આવી આંગણું રે રવિ રંગનો રાતો,
આવ્યો નહિ એવો ઉજળો રે મારો માડીનો જાયો;
વેણનાં દેઇ વધામણાં રે ગયા વાયસ વ્હેલા,
વ્હાલાંને ઘેર જઈ વસ્યા રે પન્થવાસીઓ પેલા,

વાટ લાંબી વસમી ઘણી રે આડાં કોતર ઊંડાં,
ડોલી રહ્યા બહુ ડુંગરા રે કાંઇ ભૂતથી ભુંડા
મુંઝાવતી રહી મારગે રે ઝાઝાં ઝાડની ઝાડી,
વાઘ, વરુ વનવાંદરા રે ડર આપતાં દા’ડી.

પાછો વળ્યો હશે પન્થથી રે રખે ભાઈ એ ભીરૂ,
સિંહ તણા સ્વર સાંભળી રે હશે ઉર ઉતાર્યું;
શીતળ કાં વડછાંયડે રે એને નિંદર આવી,
સ્નેહભર્યાં કંઈ સોણલે રે રોકી રાખ્યો રીઝાવી.

શકુન હશે નહિ સાંપડયા રે એને આજ ઉમંગી;
ઘેરી રહ્યા ઘર ગોઠિયા રે સુખદુઃખના સંગી;
ભૂલી ગયો ઉરભાવમાં રે કાં તો આવતાં કેડો,
બ્હેનવિજોગનો બન્ધવો રે ઘડી એકમાં ઘેલો.

માંદી પડી કાં તો માવડી રે એની જાઈને ઝંખી.
વસમી વિજોગની વેદના રે શકે કયાં લગી સાંખી;
હૈયું રાખ્યું હશે હાકલી રે દઈ કેંક દિલાસા,
તૂટી પડયું હશે તાપથી રે ત્યજી આખરે આશા.

ભાભીએ કાં હશે ભોળવ્યો રે કંઇ દોષ દેખાડી,
રોકી રાખ્યો રસ પાઇને રે મન મોહ પમાડી;
બાઝી પડયાં હશે બાલુડાં રે કાલું બોલતાં કોટે,
એ સુખસ્વાદ સુધાભર્યાં રે કયમ છોડતાં છૂટે!

ભાભલડી! તુજ ભાવની રે ભલી વાધજો ભરતી,
વ્હાલસોયા મારા વીરના રે રે'જે હૈયાને હરતી;
અમર એવાતન ઉજળું રે રહો જીવતી જોડી,
રાજ તપો રળિયામણું રે મારી આંખડી ટાઢી.

તારો પતિ, મારો બન્ધવો રે એવા ભેદ અનેરા,
ભાગ નથી કાંઈ ભાવમાં રે પંથ નેહના ન્યારા;

દેવે દીધો મુજ દેખતાં રે તે તો તારો ને તારો,
ભાઈના ભાવે ભિંજાવતો રે દિન એક અમારો.

આજ બ્હેની તણે બારણે રે ઘટે વીરનાં ઘોડાં,
આજ બ્હેની તણે આંગણે રે એનાં ન્હાવણ રૂડાં;
આજ બ્હેની તણે ઓરડે રે એનાં આસન ઊંચાં,
આજ બ્હેની તણે અંતરે રે એનાં વેણુનાં વાજાં.

સાસુ સંભારે સ્હવારથી રે જુએ વાટ જેઠાણી,
પૂછે પાડોશણ પળપળે રે શોચે સહિયર શાણી,
હાંસી કરી રહી હેતની રે કાંઈ નણદલ ન્હાની,
બોલી શકે નહિ બ્હેનડી રે છળી ઊઠતી છાની.

એ રજ ! એ રજ ઊડતી રે આવે અંબર વિંધી,
જોને વિહંગ વધામણે રે પળે પાંખ પસારી:
હણહણતી કંઈ હાકલે રે એજ ઘૂમતી ઘોડી,
એ જ હલકભરી હાંકણી રે મારા વીરની મીઠી.

એ જ રજેભર્યું રાતડું રે મુખ વીરનું વ્હાલું,
એ જ ઝુકે શિર છોગલું રે વાંકી પાઘમાં પેલું:
આતુર શી અવલોકતી રે એની આંખડી ભીની,
એ જ સુધા ઊર સિંચતી રે ફૂલ વેરતી વાણી.

વીરને આસન આપતાં રે ઊંડા અંતરકેરાં,
નીર નિરંતર નેણનાં રે વહે ન્હાવણ દેવા;
ભોજનિયાં મનભાવતાં રે, પીવા વેણનાં વારિ,
વાટનો થાક વિતાડવા રે શીળી પ્રાણપથારી.

આજ પિયર એને આંગણે રે વસ્યું સામટું આવી,
લાખ સગાંતણાં સંગનો રે રહ્યો રંગ રીઝાવી;
કૈંક વાતો હુવી કાળજે રે એને એક ન સૂજે,
ઊભા હતા કંઈ ઓરતા રે પણ એક ન ઊગે.

રે'જો અમર રસનો ભર્યો રે જેણે એ દિન દીધો,
જુદો કરી જુઠા જગતથી રે સુધાસિન્ધુએ સિંચ્યો;
આવે અનેક આશાભરી રે સખી બીજ સોહાગી,
બન્ધુમિલાવણ બીજડી રે આ તો માવડી મીઠી.

રાત વીતી ગઈ વાતમાં રે વ્હેલાં વ્હાણલાં વાયાં,
હાય ! વિદાય વીરાતણી રે કંપે જોઈને કાયા,
રાત અધીરીની આંખનો રે ભર્યો તેજનો તારો,
વ્હાલભરીતણો વાલ્યમો રે રહે રોકતાં શાનો ?

સુખનાં વહી ગયાં સોણલાં રે ઉરે અડકયાં–ન અડકયાં,
વાધ્યો દાવાનળ દુઃખનો રે કરી ભીતર ભડકા;
સૂની સમી બની સારિકા રે પાછી પિંજરે પેઠી,
બારમાસી તણે બારણે રે જઈ બીજ એ બેઠી.

સીમન્ત

(સોનલા ઈંઢોણી રે રૂપા કેરું બેલડું રે બોલ, પાણી
ગ્યાં'તાં સરવરિયાને તીર—એ ઢાળ.)

સોનલા કચોળું રે હીરે જડી કાંસકી રે લોલ,
રંગભર્યાં બેસણિયે બાજોઠ,

વાટડી નિહાળે રે સહિયર સંગની રે લોલ,
હિંચે એને કાળજડે કંઈ કોડ.
ઓરડેથી આવો રે ગુણિયલ ગોરણી રે લોલ,
આવો મારી વંશવધારણ વેલ,

પિયરપનોતાં રે શીયળસોહામણાં રે લોલ,
આવો શીળી સાસરિયાની સેર.
કુળવહુવારૂ રે આવો તમે આજનાં રે લોલ,
આવો એવાં કાલ્યતણાં કંઇ માય,

ધીરે-ધીરે ધારો રે ચરણ સુલોચના રે લોલ,
મોંઘા ઉર-માણુક ના મચકાય.
જીવડાને સાટે રે લેજો એને જાળવી રે લોલ,
એ છે રૂડી અમરાપરની આથ;

ઉર અજવાળે રે, મુજ પર મ્હાલતા રે લોલ,
આછા એના ચળકંતા ચળકાટ.
મનડે મધુરાં રે સોહે સુખસોણલાં રે લોલ,
ઝીણી-ઝીણી આળસ ઉપજે અંગ;

ઘેનમાં ઘેરાતી રે આંખડી ઉઘાડજો રે લોલ,
જો જો સખિ ! આજ તણા ઉછરંગ.
કેશમાંહિ ગૂંથું રે મોતી મોંઘા મૂલનાં રે લોલ,
સિંચું રૂડા સેંથલડે સિંદૂર;

રાખડી રચાવે રે નણદલ નેહની રે લોલ,
ભાડી અને આશિષ ઉછળે ઉર.

માથડે ધરાવું રે મણિમય મોડિયો રે લોલ,
ઝીલો એવા જનનીભવના ભાર;

શ્રીફળ સલુણીરે રે ! ખોળે ધરું ખાંતથી રે લોલ,
દેજો એવા અમને ફાલ રસાલ.
રાજતણી રીઝે રે સોણલે ન સાંપડે રે લોલ,
સુર પણ લેઈ શકે નહિ લ્હાણ;

અજબ અમૂલાં રે પિતરૂને પોખતાં રે લોલ;
દેજો એવાં સુતનાં દોહ્યલાં દાન.
વાજતી વધાઈ રે મહિયર મોકલો રે લોલ,
માલપતી આવે ‘ધણ’ની માત;

આજનું અનેરું રે જોઈ મુખ જાકનું રે લોલ,
થાયે રૂડાં હૃદય ભરી રળિયાત.
જુઠડાં શું જાણે રે મદભર્યાં માનવી રે લોલ ?
આવો રૂડો અણમાપ્યો ઉપકાર;

રણમાં રચાવે રે વાડીઓ વસંતની રે લોલ,
એ તો અલબેલડીનો અધિકાર.

વાત્સલ્ય

(લીલો લીમડો રે લીલો નાગરવેલનો છોડ,
આજ મારે આંગણે રે પ્રભુજી દાતણ કરતા જાવ–એ ઢાળ.)

શરદ સુધાભરી રે શોભે રઢિયાળી શી રાત,
આભ ઉજાળતો રે વરસે નેહ નિશાનો નાથ;

સહિયર સૌ મળી રે રમતી રંગભર્યો કૈં રાસ,
ઘેરા ગાનથી રે ગાજે અવની ને આકાશ.

રસને રેડતી રે ભૂલી ભામિનીઓ ઉરભાન,
પડઘા પાડતી રે ગાતી દશ દિશ સંગે ગાન;
રંગે રીઝતો રે ચુકયો ચાંદલિયો નભચાલ,
થંભ્યા તારલા રે થંભ્યા ડોલંતા દિક્પાલ.

વનના ડાયરા રે થંભ્યાં નદીઓ કેરાં નીર,
કર સંકોરતાં રે થંભ્યા તરુવર તેને તીર;
આ શું એકલી રે સહિયર છોડી સહુનો સંથ,
ચાલી ચોંપથી રે રૂડા રંગ તણો કરી ભંગ.

આવ્યો આકરો રે શું કૈં સાસુનો સંદેશ?
ગાણું ના ગમ્યું રે રમતાં રીસ ચડી ગઈ છેક?
ફરતાં ફૂદડી રે આવી અંતરમાંહિ ઉછાળ?
કાયા કોમળી રે વેઠી ન શકે ઝાઝી વાર.

આવ્યો આકરો રે ના કૈં સાસુનો સન્દેશ,
નહિ-નહિ રૂસણાં રે લાગ્યો થાક નહિ લવલેશ;
પોઢયા પારણે રે આવ્યા બાળકુંવર કૈં યાદ,
રસભર રાસની રે એથી તટી મન મરજાદ.

અંતર ઉછળ્યાં રે વધતાં પ્રેમ તણાં કૈં પૂર,
કંઠે કારમા રે અટકી રોકયા સ્હેજે સૂર;
સરવરતીરને રે તોડી જળલહરિ વહી જાય.
છોડી સંચરી રે એવો સહિયરનો સમુદાય.

કાંટા કાંકરાં રે એને એક અડકે નહિ પગમાંય,
ચરણે ચાલતી રે જાણે પંખણી ઉડી જાય !
નિરખે નેણથી રે એને દુનિયા નહિ દેખાય,
વચ્છવિજોગણી રે જાણે ધેન ઉમળકે ધાય.

મનહર મોઢડાં રે જોતાં હૈયું ઉચરે 'હાશ',
અડતાં અંગને રે ઉપજે અણમૂલો ઉલ્લાસ;
ઉર આલિંગને રે લેતી દેવભવનની લ્હાણ:
ચારૂ ચુંબને રે મળતી મોક્ષ તણી કૈં માણ્ય.

એ છબી આગળે રે ઝાંખા કોટિક શશિયર સૂર,
એ સુરભિ કને રે ફીકી ફૂલડાંની કૈં ફોર;
એ રસ આગળે રે ઓછો રાસતણો રસરંગ,
એ પળ આગળે સૂકા ભવના ભવ્ય પ્રસંગ.

બાપુ

(ઓધા ! નંદનો છોરો તે નમેરો થયો જો,
અથવા
મહા કોપ થયો તે કવિકાળમાં જો—એ ઢાળ)

સખી ! મીઠો આષાઢ કેરો મેહુલો જો,
આભ ઘેરી ઉભેલ દીસે એકલો જો. સખી !

એના ઘટમાં અનેક ગાન ગાજતાં જો,
માંહિ રસના તરંગ રૂડા રાજતાં જો. સખી !

પ્રાણ આપી એ પ્રાણીઓને પાળતો જો,
કૈંક તનડાના તાપ રહે ટાળતો જો સખી !

ભરે સર ને સરિત નવાં નીરથી જો,
એને દેતાં અંદેશડો ઉરે નથી જો. સખી !

એવાં મનડાં મીઠાશભર્યાં તાનમાં જો,
માંહિ હીંચે હિલોળ કૈંક હેતના જો. સખી !

એની છાયામાં રંગભર્યાં રાચીએ જો,
નિત્ય નવલા ઉમંગ ધરી નાચીએ જો. સખી !

એની આંખે ને અંતરે અમી ઝરે જો,
ભાગ્યકેરા ભંડાર ભવનમાં ભરે જો. સખી !

એક પળમાં હજાર વાંક વીસરે જો,
'કર્યું' એનું તે કોણ લગીરે કરે જો ? સખી !

એનાં અંતરમાં એક રમે 'આપવું' જો,
એની 'વર્ષાનું 'નીર' તો નવું નવું જો. સખી !

ભલે ભૂલી આનન્દ 'આજ'નો જશું જો,
કદી બાપુના ભાવ નહિ ભૂલશું જો. સખી !

———

મોસાળ

(ઓધવજી ! સન્દેશો કે'જો શ્યામને—એ ઢાળ.)

મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં,
મોંઘા એના ભાવતણા ભણકાર જો;
મનહરતી શી મહેમાની મામીતણી !
શીળા શા એ અંતરના સત્કાર જો !
મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં.

મનડાના મહેરામણ મામા મીઠડા,
પળ-પળ વદતા વ્હાલભરેલાં વેણ જો;
ઓછાં—ઓછાં અંતર કૈં કૈં આપતાં,
નિરખી નાચે આતુર સરખાં નેણ જો. મહિયરથી૦

ભાવજળે ભિંજાતાં પદ ભાણેજનાં,
સુરબાળક શી દિવ્ય દશા દેખાય જો;
પ્રેમતણા પડછન્દા ઘર-ઘરમાં પડે,
રસનાં લ્હાણાં ઉર-ઉરનાં લેવાય જો. મહિયરથી૦

જનનીની જનની રે સુખની સીમડી,
જુની આંખે હિંચે નવલાં હેત જો;
હસતાં એ પંપાળે હળવા હાથથી,
સૂકાં ઉર પણ સહજે થાય સચેત જો. મહિયરથી૦

દિલડાનાં આદર તો જગમાં દોહ્યલા,
એ સુખડાના જ્યાં છલકાય સુકાળ જો;
વિખસાગરમાં અમૃતની કૈં વીરડી,
અગર રહો એ મધઝરતું મોસાળ જો.
મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં.

મધમાખ

(નહિ આપું ! હો નંદજીના લાલ રે ! મહિડાં મારાં રે–એ ઢાળ.)

અલી ! ઉભી રહે મધમાખ રે ! મનડાની મીઠી રે,
તારી જાદુભરેલી જરૂર રે દેહડી દીઠી રે.

તને વ્હાલી પૂછું એક વાત રે સાંભળી લેજે રે,
તરા ભાવ તણો કૈં ભેદ રે કાનમાં કે'જે રે

મેં તો જોયાં–જોયાં બહુ ઝાડ રે, ડાળીઓ દેખી રે,
વનવેલીતણાં ફળ–ફૂલ રે, પાંખડી પેખી રે.

નહિ લાધ્યાં મને તો લગાર રે મધડાં મધુરાં રે,
એનાં દિલ તણાં રસદ્વાર રે ઉઘડે અધુરાં રે.

એવી આંજી કોણે તુજ આંખ રે સ્નેહની સળીએ રે ?
તું તો મધનો નિહાળે મેહ રે ફૂલડાંને ફળીએ રે.

મારા કરમાં રહી કરમાય રે ફૂલ કૈંક ફોરી રે,
નહિ બોલે ઊંડેરા બોલ રે જીવન જોડી રે.

તને આપે ઉઘાડી ઉર દેખતાં ડોલે રે,
પ્રેમભીના એ પાથરે પ્રાણ રે રંગમાં રોળે રે.

તારે હૈયે ભર્યાં હશે હોજ રે મીઠડી માતે રે,
રહી સિંચી સદનમાં રોજ રે હેતને હાથે રે

તને વિધિએ વ્હાલપની વાત રે શીખવી સાચી રે,
સુધાઝરતો કરે સંસાર રે ઉરની ઊંચી રે.

રહી તોએ ગયો દિલ ડંખ રે એટલી ઊણી રે,
હશે રસની એવી કૈં રીત રે જગથી જૂની રે.

સરિત્સુન્દરી

(હું તો ઇશ્વર પૂજવાને નીસરી રે લોલ—એ ઢાળ.)

હું તો ડુંગર દાદાકેરી દીકરી રે લોલ.
શીળે સ્વભાવ સરિતસુન્દરી રે લોલ;

હું તો માતપિતાને પગે પડી રે લાલ,
વ્હાલાને પન્થ પળી એકલી રે લોલ,

વાંકી-ચુકી એ વાટડી વટાવતી રે લોલ,
વચમાં અનેક ઠેસ વાગતી રે લોલ;

પડે પ્રીતમનો પન્થ નહિ પૂછવો રે લોલ,
કેડો એ નેહનો નથી નવો રે લોલ.

મળે વગડા વેરાન કૈંક વાટમાં રે લોલ,
  ગાઢા નિકુંજ ઘણા ઘાટમાં રે લોલ;
મને રે'વી તો રાત ક્યાંય ન ગમે રે લોલ;
  સૂરજ ને સોમ ભલે આથમે રે લોલ.

મારા ઉરમાં અખંડ એક દીવડો રે લોલ,
  ઝળકે એ પ્રેમભર્યો જીવડો રે લોલ;
મને ભીતિ જરાય નહિ ભૂતની રે લોલ,
  રાખડી બાંધેલ પુણ્ય પ્રીતની રે લોલ.

મને લૂંટારા લોક કૈંક લૂંટતા રે લોલ,
  જીવનને જોર કરી ઝુંટતા રે લોલ;
તોય મોળી પડે નહિ મુસાફરી રે લોલ,
  આશાની વાટ હોય આકરી રે લોલ.

એ તો પ્રેમીના પ્રેમતણાં પારખાં રે લોલ;
  વિધિએ લલાટમાં હશે લખ્યાં રે લોલ;
કોઇ કહેજો: "વિજોગણી! પાછાં વળો રે લોલ,
  "વ્હાલાનો દેશ ઘણો વેગળો રે લોલ.

"ખોળ કરતાં આયુષ્ય બધું ખૂટશે રે લોલ,
  "મનના તરંગ છેક તટશે રે લોલ;"
એવું કહેતાં યે લોક નથી લાજતા રે લોલ,
  ભુંડાં શું ભાવભૂલ ભાગતા રે લોલ!

વળે પાછાં તો વ્યોમનાં વિહંગડા રે લોલ,
  કંપીને ભાગશે કુરંગડાં રે લોલ!

વળે માયાનાં બાળ ભોળાં માનવી રે લોલ,
એની શી શીખ ઉરે આણવી રે લોલ ?

રવિરથડા તે વાટ જતા નહિ મળે રે લોલ,
ચન્દ્રાની ચાલ કદી નહિ ચળે રે લોલ;
એવો વ્હાલપનો વેગ પાછો નહિ વળે રે લોલ,
માગ્યું મળે કે ભલે ના મળે રે લોલ.

કોઈ કહેશેઃ "એ ખારભર્યો ખીજતો રે લોલ,
"ઊંડા ને અંતરે અધુકડો રે લોલ;"
જુઠા જગની તે જુઠ લવે જીભડી રે લોલ,
એની ન આંખ હજી ઉઘડી રે લોલ.

ખારા-મીઠાનો ભેદ એને ખુંચતો રે લોલ,
સ્વારથમાં સાર નથી સૂઝતો રે લોલ;
એને ઊંડા અંદેશભર્યા અંતરે રે લોલ,
કુડી એ કલ્પના કર્યા કરે રે લોલ.

એવો જગનો ખારો તે મારે મીઠડો રે લોલ,
કપટી જાણે શું એનો કોયડો રે લોલ;
ઘેલી દુનિયા તો દોષ રહી દેખતી રે લોલ;
ઉરના એ રંગને ઉવેખતી રે લોલ.

ભોળા હૈયાને એ હશે ભમાવતી રે લોલ,
વ્હેમીના વ્હાલ હશે વિંખતી રે લોલ;
મારું હૈયું હજીય મારા હાથમાં રે લોલ,
રહેતાં એ સ્વારથીના સાથમાં રે લોલ.

એવું સુણવા હું લેશ નથી ઊભતી રે લોલ,
થાકી ક્યારેય નથી થંભતી રે લોલ,
(જશે થાકી તો સેવકો શરીરના રે લોલ,
એવાં તો રોદણાં અધીરનાં રે લોલ.)

પણે ઊભો પ્રાણેશ રહ્યો રાજતો રે લોલ,
ઘેરાં શાં ગાન વડે ગાજતો રે લોલ;
આવે સામો અચુક અલબેલડો રે લોલ,
વ્હાલો જણાય વ્હાલઘેલડો રે લોલ.

હું તો થંભી લગીર ગઇ લાજથી રે લોલ,
વ્હાલે વધાવી મને વ્હાલથી રે લોલ;
પડ્યા હૈયે પ્રકાશ હેત-હાસના રે લોલ,
એવા આનન્દ રૂડા રાસના રે લોલ.

પોયણી

(બીલી બીલીનો રંગ લાગે રૂડો હો ! રાધિકા રંગભીની
—એ ઢાળ.)

ભર્યાં નીરે સરોવર ન્હાતી રે, પોયણી પ્રેમભીની,
એના હૈયામાં હિંચકા ખાતી રે, પોયણી પ્રેમભીની;
એની શીળી શી લ્હેર કૈંક લેતી રે, પોયણી પ્રેમભીની,
એના ભુવને સુગન્ધ ભરી દેતી રે, પોયણી પ્રેમભીની.

રવિસંગે રહે તોય રાચી રે, પોયણી પ્રેમભીની,
એને નિરખીને નેણ-નેણ નાચી રે, પોયણી પ્રેમભીની;

મીટ સંગે મધુરી મીટ માંડી રે, પોયણી પ્રેમભીની,
ભર્યા ભવના પ્રસંગ છેક છાંડી રે, પોયણી પ્રેમભીની.

એનું હૈયામાં હાસ્ય એક ઝીલી રે, પોયણી પ્રેમભીની,
રહી ખીલી શી રંગમાં રસીલી રે, પોયણી પ્રેમભીની;
એની ચાલ્યે અચુક ચિત્ત ચાલે રે, પોયણી પ્રેમભીની,
એના ઉરમાં ભરેલ ભાગ્ય ભાળે રે, પોયણી પ્રેમભીની.

એના કરને વધાવી રહી કોડે રે, પોયણી પ્રેમભીની,
જીવ બાંધ્યો જરૂર જીવ જોડે રે, પોયણી પ્રેમભીની;
દીસે છેટી, જરી ન તોય છેટી રે, પોયણી પ્રેમભીની,
ભરી ઉરમાં શા ભાવ રહી ભેટી રે, પોયણી પ્રેમભીની?

ભલે આડા કદીક મેઘ આવે રે, પોયણી પ્રેમભીની,
ભલે વાયુ હડેભર્યો હઠાવે રે, પોયણી પ્રેમભીની
તો ય ક્યારે ન આંચ ઉની આવી રે, પોયણી પ્રેમભીની,
લગની લાગી તે રોમ-રોમ લાગી રે, પોયણી પ્રેમભીની.

ભલે જગને પ્રચંડ તાપ લાગે રે, પોયણી પ્રેમભીની,
ભલે ભીતિથી આમ તેમ ભાગે રે, પોયણી પ્રેમભીની;
તારે હૈયે તો હિમ તણી હેલી રે, પોયણી પ્રેમભીની,
રહ્યો ઊંચો ઉમંગ હૃદય રેલી રે, પોયણી પ્રેમભીની.

ભલે સોળે કળાએ શશી શોભે રે, પોયણી પ્રેમભીની
કુમુદહૈયું ભરાય ભલે લોભે રે, પોયણી પ્રેમભીની,
તે તો જોવા ક્યારેય નથી જાગી રે, પોયણી પ્રેમભીની,
સજે સ્વામીનાં સોણલાં સુહાગી રે, પોયણી પ્રેમભીની

દિલ દીધું તેને જ એક દીધું રે, પોયણી પ્રેમભીની,
એક ઉર તે બને ન કદી બીજું રે, પોયણી પ્રેમભીની;
રહો એવો અખંડ સ્નેહ ઊંડો રે, પોયણી પ્રેમભીની,
ચડો અમને એ અગ હૃદય રૂડો રે, પોયણી પ્રેમભીની

ભવસાગર

(ચાલો જોવાને જઈએ એ–ઢાળ)

જો ! જો ! સખિ ! પેલો સાગર ગાજે,
રંગતરંગ શા રાજે રે !
ભવસાગર ગાજે.

ગાન મધુર રહે કંઈ ગાતો,
કૈંક વદે ઝીણી વાતો રે; ભવસાગર૦

એ સમજે ઉર કોઈ સુહાગી,
જે રસનાં અનુરાગી રે; ભવસાગર૦

માંહિ ભર્યાં મોંઘા મૂલનાં મોતી,
ગુણિયલ લે જન ગોતી રે; ભવસાગર૦

ઊભા ખડક એના ઉરમાં અલિ !
નાવિક રહે છે નિહાળી રે; ભવસાગર૦

સામે તીરે પ્રભુધામ પનોતાં,
જગતની વાટડી જોતાં રે, ભવસાગર૦

કૈંક તરે, વળી કૈંક તરેલાં,
દેવને દેશ વસેલાં રે; ભવસાગર૦

ભારભર્યાં બહુ ડુબતાં દીઠાં,
જે મનમાં નહિ મીઠાં રે; ભવસાગર૦

ચાલો સખિ! એમાં સંગ ઉતરીએ,
તીરને પામવા તરીએ રે; ભવસાગર૦

હેત તણી રચીએ રૂડી હોડી,
જાય તરી દોડી-દોડી રે; ભવસાગર૦

અમાસ

(લાવો હરિ! મારો હારલો, પ્હેરી મંદિર જાશું—એ ઢાળ.)

સૂની દિશા સખી શામળી, સૂના આભ ઉંચેરા,
સૂને ઉરે રજની રડે મુખ ઘુંઘટ ઘેરા;
પ્રીતમજી પરદેશમાં એને હોય શાં હસવાં?
વેળા ભુંડી વિરહે ભરી તો ય વેઠીને વસવાં.

કાળની કાળપ કાળજે, ઓઢી કામળી કાળી,
એકલડી અલબેલડી ઝૂરે બ્હાવરી બાળી;
ઊંચી વેતી આકળી પિયુને નવ પેખે,
વ્હાલપનો વરસાદ એ દિલડે નહિ દેખે.

તરવરતા નભ તારલા હસે હૈયું હસાવા,
મુખડું જરી મલકાવતી એનાં હૃદય રીઝાવા;

અંતરની પણ આપદા એ તો એવી ને એવી,
વીતકની ઉરવાતડી કોની આગળ કહેવી ?

ડોલે ઘણા ઘરદીવડા સુખસોણલાં જેવાં
ઊગી-ઊગી જતા આથમી દુઃખ આખર દેવા:
શોકમાં શોક વધારતી ઘર વાદળી ઘેરી,
એક જતાં જગ સામટું વસતું બની વેરી.

વાતણા પણ વિંજણા નહિ તાપ નિવારે,
વ્યોમનદી કેરાં વારિ એ ઘડીએ નહિ ઠારે
ક્યાંય ઉજાસ ન આભમાં જીવડો ક્યમ જંપે ?
ભાનુ તણા ભણકારથી કુણાં કાળજાં કંપે.

વાદળી

(શીખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢંગે—એ ઢાળ.)

ઉંચા આભને અંકે રે, વસુ હું તો વાદળડી,
કૈંક ભાવથી ભીની રે ઝીણી મારી જાતલડી;
મારો કન્થ કોડીલો રે મનોહર મેહુલિયો,
રસગાનને ગાતો રે નેહે ભર્યો નાવલિયો.

ઉર એક અમારાં રે, ન્યારા તન તેમ નહિ,
એમાં હું ને એ મુજમાં રે એવી રસરીત રહી;
મારૂં પિયર પનોતું રે સોહે સખિ ! સાગરમાં,
એનાં નીર નવેલાં રે ભર્યાં મુજ અંતરમાં.

ભલે ખારભરેલાં રે કોડે હું તો પાન કરું,
પણ વિશ્વની પાસે રે ભલા કરી ભેટ ધરું;
ભર્યા ભાગ્યના ભેદો રે ભુંડા-ભલા ભોગવવા,
પણ જગત ન જાણે રે છાના ઉર સંઘરવા.

ઊંડી અંતર પીડા રે કહેવા નહિ કોઈ કને,
એવી નારીની નીતિ રે ગમે મનમાંય મને;
વીતી વાત વિસારી રે સદા હરખે હસવું,
એવું દોહ્યલું ઊંચે રે વિમાન ચડી વસવું.

કદી સ્વામીની સાથે રે હિંડોળામાં હિંચકતી,
કદી સહિયર સંગે રે રૂડા રહું રાસ રચી;
તાપ તરણિનો તીખો રે સુખે શિર સાંખી રહું,
પણ પ્રાણીને કાજે રે સુહાગણ છાંય દઉં.

કદી ચાલતી ચંદા રે આવી મુજ ગોદ વસે,
ઘડી-બેઘડી બેસી રે જતાં નવાં હેતે હસે;
ઉરમાંહી આળોટી રે તારાગણ થાક ત્યજે,
જનની ઉર જેવો રે મીઠો મુજ ભાવ ભજે.

એવાં કંઇક અમૂલાં રે રહું હું તો કાજ કરી,
પણ જગતને જોતી રે પળે નહિ આંખ પરી;
દવ ડુંગરે લાગે રે ઝૂરી-ઝૂરી ઝાડ મરે,
કંઈ નદીઓ ને નાળાં રે ખાલી થઇ ખેદ કરે.

એની આપદ હરવા રે ઉતાવળી થાઉં અતિ,
જઈ પ્રેમથી પૂછું રે પોઢે જહાં પ્રાણપતિ;

એની સંમતિ સાધી રે શીળી–શીળી ધાર સજ્યું,
જગકારણ જોને રે હસી–હસી પ્રાણ ત્યજ્યું.

મરું તોય ન મૂકું રે સ્વભાવનો સ્નેહ કદી,
ફૂલડાં સમ ફોરાં રે ઝીણાં દઇ જાળવતી;
એવાં પુણ્યથી પામું રે ફરી સુરધામ સખિ !
એજ જોડ અમારી રે હમેશ રહે હરખી.

ઝેર

(પૂજું ગણપતિના પાય (૨)
પૂજું અંબિકાની પાવડી રે લોલ—એ ઢાળ)

હું તો આંગણિયે આજ (૨)
ફૂલ વેલીનાં વીણતી રે લોલ,

એની શીળી સુવાસ (૨)
હૃદય રીઝીને ઝીલતી રે લોલ.

ડસ્યો કાળુડો નાગ (૨)
એક આવીને આકરો રે લોલ;

આવે અન્ધારી આંખ (૨)
જવા ઉડે શો જીવડો રે લોલ ?

કરે સાસુ કલ્પાન્ત (૨)
જોઈ જેઠાણી ઝૂરતાં રે લોલ;

રૂએ દેરાણી રાંક (૨)
ઉનાં આંસુડાં લૂછતાં રે લોલ.

કરે કૈં કૈં ઉપાય (૨)
જેઠ ઉરની ઉતાવળે રે લોલ;

હુઠે જરીએ ના ઝેર (૨)
એ ઉંડેરૂં ઉતરે રે લોલ.

આવ્યો જોગી ત્યાં એક (૨)
દેવ જેવો દેખાવડો રે લોલ;

છાંટયાં નેણામાં નીર (૨)
એક ટહૂકો કશો કર્યો રે લોલ.

ગયાં ઝડપેથી ઝેર (૨)
હું તો ઝબકીને જાગી ગઈ રે લોલ;

એના ઊંડા કૈં ભેદ (૨)
પાય પડતી પૂછી રહી રે લોલ.

" આવ્યા કયાંથી અવધુત ? (૨)
"જટા આ શી શિરે ધરી રે લોલ ?

"આવી જાદુની જાણ (૨)
"હાથ કયાંથી કહો કરી રે લોલ ?

"ઘેલી ઘેલી હો નાર ! (૨)
"ગઈ ભૂલી શું ભીંતડી રે લોલ ?

"દીધાં દાદાએ દાન (૨)
"પેલા માંડવની પ્રીતડી રે લોલ?

"હથેવાળાનાં હેત (૨)
"ચાર મંગળ ચોરીતણા રે લોલ?

" ભાવભીનાં એ ભેખ (૨)
'એ જ કામણ કોડામણા રે લોલ?'

અહો ! દ્વેષીલા ડંખ (૨)
હશે આવા અજુગતા રે લોલ?

જગતજુનાં એ ઝેર (૨)
ભાન આવું ભૂલાવતાં રે લોલ?

મહિયર

(પારસપીપળા હેઠ જોગીડો રમે જુગટે રે માણારાજ—એ ઢાળ.)

મીઠડી મહિયરમાણ્ય
સદા મને સાંભરે રે, માણારાજ !

હીબકે હૈયું ભરાય,
આંખડીએ આંસુ ઝરે રે, માણારાજ !

મીઠડો દાદાનો દેશ
શીળો સોહામણો રે, માણારાજ !

શીળાં નદી કેરાં નીર,
 શીળાં શાં સરોવરો રે, માણુરાજ !

આંબલિયો એ ઉદાર
 રસેભર્યો રાજતો રે, માણુરાજ !

અંતરનો એ આરામ
 ગગનમહિં ગાજતો રે, માણુરાજ !

ડાળિયે દેવના વાસ,
 પ્રીતિ ઝરે પાંદડે રે, માણુરાજ !

સુરભિએ આભ સિંચાય,
 સુધા એને છાંયડે રે, માણુરાજ !

ત્યાં રમતા અમે રાસ
 સાહેલીના સંગમાં રે, માણુરાજ !

ખેલતાં બાલુડાં ખેલ
 અનેરા ઉમંગમાં રે, માણુરાજ !

ત્યાં નહિ તરણિના તાપ,
 વાયુના વંટોળિયા રે, માણુરાજ !

ત્યાં નહિ મેઘના માર,
 રજે નહિ રોળિયાં રે, માણુરાજ !

વેરભર્યા વિખવાદ
 કાને કદી નવ પડે રે, માણુરાજ !

ને ભયના ભણકાર
નહિ ઉરને અડે રે, માણુરાજ!

આવી પડે ફળ અંક
માગ્યા વિના મીઠડાં રે, માણુરાજ!

દોહ્યલા દુનિયાના ડંખ
તહિ જરી દીઠડા રે, માણુરાજ!

એ સુખનાં અણમોલ
શમી ગયાં સોણલાં રે, માણુરાજ!

પાંપણને પલકાર
જતાં રહ્યાં જોણલાં રે, માણુરાજ!

જોઈ—ન જોઈ જરાક
ઉષા ગઈ આથમી રે, માણુરાજ!

એ અધુરા ઉછરંગ
રહ્યા હૃદયે રમી રે, માણુરાજ!

શબ્દકોષ

અગોચર—અજાણી
અચળા—ચળે નહિ એવી
અનન્ત—અપાર
અનિલ—પવન
અનુદિત—નહિ બોલાયેલું
અનુરાગ—પ્રીતિ
અપસરણ—ખસવું
અભિલાખ—ઇચ્છા
અભેદ—એકતા
અમરગંગા—આકાશગંગા
અમરસુંદરી—દેવાંગના
અમિત—અમાપ
અવધાન—સાવધતા, મનોયોગ
અવરોહ—સંગીતમાં સ્વરને ઉતારવો તે
આઘાત—ઘા
આછું—સ્વચ્છ, ચોકખું
આથ—અર્થ, ધન
આદિત્ય—સૂર્ય
આદેશ—આજ્ઞા
આમોદ—સુગન્ધ
આરોહ—સંગીતના સ્વરને ચ્હડાવવો તે
આભૂષણ—ઘરેણાં

આશા—દિશા
આહ્લાદ—આનંદ

ઉડ્ડયન—ઉડવું
ઉવેખતી—અવગણતી
ઉષા—પ્રભાત
અંક—ખોળો
અંગ—અવયવ
અંજલિ—ખોબો
અંતર—મન
અંદેશ—વ્હેમ
અંબર—આકાશ

કકુભ્—દિશા
કર—કિરણ, હાથ
કરતલ—હથેલી
કુમુદ—કુમુદિની
કુરંગડાં—હરણાં
કુસુમ—ફૂલ
કુળમંડપ—કુલ રૂપ માંડવો

કોકિલા—કોયલ
કોષ—ભંડાર
કૌમારવ્રત—કુમારિકાવ્રત

ગુંજતી–ગણગણતી
ગુંજન–ગણગણાટ
ગોઠડી–વાત
ગોદ–ખોળો
ગોરાંદે–સ્ત્રી
ગોંદરો–પાધર

ઘન–મેઘ

જનની–મા
જાઈ–દીકરી
જાયો–દીકરો
જીવન–વાણી, જિંદગી

તરણિ–સૂર્ય
તરલિત–ધ્રૂજતું
તરંગ લહેર, મોજાં
તાલ–તાળી
તીર–કાંઠો

દાદુર–દેડકો
દામ્પત્ય–દંપતીભાવ
દૃગ–આંખ
દેવતરુ–સ્વર્ગનાં ઝાડ
દંપતી–પતિ–પત્ની

ધણ–સીમન્તિની, ગાયોનું ટોળું.
ધોરી–બળદ

નાવિક–વહાણ ચલાવનાર
નિકુંજ–લતામંડપ
નાવલિયો–પતિ

પથ–માર્ગ
પદરવ–પગલાંનો અવાજ
પરિયાણ–પ્રયાણ
પરી–છેટી
પાન–પીવું તે
પાવન–પવિત્ર
પીયૂષ–અમૃત
પંચમ–કોયલનો સૂર
પંથી–મુસાફર
પ્રમદ–આનંદ
પ્રાણેશ–પતિ
ભવ–સંસાર
ભવન–ઘર
ભાનુ–સૂર્ય
ભીતિ–બીક
ભીરુ–બીકણ
ભુવન–જગત
ભંગ–તરંગ
મધુ–મધ
મધુમંડપ–વસંતમંડપ
મહિયર–પિયર
મહેરામણ–સમુદ્ર
માજણી–બ્હેન
માતૃગુંજન–માના હૃદયનો અવાજ
માણ્ય–માણવું
મીન–માછલું
રજની–રાત
રણવાસ–અંતઃપુર, જનાનખાનું
રમણ–પતિ
રમણી–પત્ની

રમા—લક્ષ્મી
રવિ—સૂર્ય
રુંધન—રુંધવું
રેણુ—ધૂળ
રોદન—રુદન

લાલિમા—રતાશ
લોચન—આંખ

વસુમતી—પૃથ્વી
વાજ—પાંખ ઝડપ
વામા—સ્ત્રી
વાયસ—કાગડો
વાહિની—નદી
વિધિ—વિધાતા
વિભુ—પ્રભુ
વિવશ—પરવશ
વિહંગ—પંખી
વિહંગડાં—પંખીડાં
વૃન્દ—સમૂહ
વ્યોમ—આકાશ
વ્યોમનદી—આકાશગંગા

શયિત—સૂતેલું
શશાંક—ચંદ્ર
શારદ—શરદ્ ઋતુનું
શિલા—પથ્થર
શીત—ઠંડું
શેવા—લલીલ

શ્રમશીકર—પરસેવો
શ્રવણ—સાંભળવું

સદન—ઘર
સમર્પિયે—આપીએ
સમોવડ—સમોવડિયાં
સરસી—તળાવ
સરિત—નદી
સરિત્સુન્દરી—નદી રૂપ સ્ત્રી
સલિલ—પાણી
સાયર—સમુદ્ર
સારિકા—મેના
સિન્ધુ—સમુદ્ર
સુધા—અમૃત
સુમન—ફૂલ
સુરધામ, સુરપુર —સ્વર્ગ
સુરભિ—ગન્ધ, ગાય
સુરસુન્દરી—દેવાંગના
સૌરભ—સુગન્ધ
સંચાર—ગમન
સંભ્રમ—હર્ષની ઉતાવળ
સંમતિ—અનુમતિ
સંવ્યગ્ર—અતિ વ્યગ્ર
સ્નાતિ—ન્હાતી

હાસ—હાસ્ય
હિમ—બરફ, ઠંડક
હેમંત—શીતકાળ

રસોઈનું રસાયણ

ભાતભાતનાં ભાવતાં ભોજનો બનાવતાં શીખવતું, ખાદ્ય પદાર્થોના ગુણદોષો, આરોગ્ય અને આહાર, સુવાવડ, બાળઉછેર, ઘરગથ્થુ વૈદક વગેરે અનેક જાતની ઉપયોગી માહિતીથી ભરપૂર ૪૦૦ થી વધુ 'પાનાંનું' આ પુસ્તક લગ્ન પ્રસંગે નવપરિણીતાને ભેટ આપો.

રૂ. ૪-૦-૦

☆

સ્ત્રીનો શણગાર

લેખિકા બહેને જાત અનુભવથી લખેલું પુષ્કળ આકૃતિઓ સાથેનું પારસી ફેશનનું શીવવા વેતરવાનું સરળ પુસ્તક

રૂ. ૧-૮-૦

☆

સતી સમાજ

સીતા સમી ભારતની અનેક સન્નારીઓની પ્રેરક જીવનગાથાઓ

૧૪૦ ચરિત્રો : ૩૨૦ પાના રૂ. ૨-૦-૦

☆

ત્રિપાઠી બુકસેલર્સ : મુંબઈ

સ્વ. કવિશ્રીના

અન્ય કાવ્ય-સંગ્રહો

કલ્લોલિની

બીજી આવૃત્તિ

૫૬ કાવ્યો : ૧૮૪ પાના

શા. છે. ૧ સાથે

રૂ ૧ ૧૨-૦

શૈવલિની

બીજી આવૃત્તિ

સ્વ. ન. ભો. દિવેટિઆના

૯૬ પાનાના ઉપોદ્ઘાત સાથે

૭૨ પાના

રૂ ૧ ૦-૦

☆ ☆ ☆

'સુંદર સાહિત્ય'નાં પ્રકાશનો

સંપાદક :

જમુભાઈ દાણી

ગોપાળભાઈ પટેલ

●

ચાંદરણાં

કિલકિલાટ

સંગીત મંજરી ૧-૨

વિજ્ઞાન પાઠાવલી

મહાસભાના પ્રમુખો

પતંગીયાં : છપાશે : સુંદર બાલવાતો

ત્રિપાઠી : બુકસેલર્સ : મુંબઈ